# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૩



જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ વ્રતો દ્વારા દેવપદ પ્રાપ્ત કરવું સારું છે પણ અરે! અવ્રતો દ્વારા નરકપદ પ્રાપ્ત કરવું સારું નથી. જેમ છાયા અને તાપમાં બેસી (મિત્રની) રાહ જોનારા બંને (પુરુષો)માં મોટો તફાવત છે, તેમ (વ્રત અને અવ્રતનું આચરણ કરનારા બંને પુરુષોમાં તફાવત છે). ૧૩૭૨. *(શ્રી પૂજ્યપાદ સ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા–૩)*

✻ મુનિરાજ ઐસી ભાવના કરતે હૈં કિ મૈં કર્મસે પીડિત હૂઁ, કર્મોદયસે મુજમેં કોઈ દોષ ઉત્પન્ન હુઆ હૈ સો ઉસ દોષકો અભી કોઈ પ્રગટ કરે ઔર મુજે આત્માનુભવમેં સ્થાપિત કરકે સ્વસ્થ કરૈ વહી મેરા અકૃત્રિમ મિત્ર (હિતૈષી) હૈ.

પુનઃ ઐસી ભાવના કરતે હૈં કિ જો કોઈ અપને પુણ્યકા ક્ષય કરકે મેરે દોષોંકો કહતા હૈ ઉસસે યદિ મૈં રોષ કરુઁ તો ઈસ જગતમેં મેરે સમાન નીચ વ પાપી કૌન હૈ? ૧૩૭૩. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૯, શ્લોક–૧૪-૧૫)*

✻ જો સુખ અપને આત્મામેં હી સ્થિત હૈ, જો કર્મોંકે ઉદયસે પ્રાપ્ત નહીં હોતા અથવા જો કર્મોંકે નાશસે પ્રગટ હોતા હૈ, જો અવિનાશી હૈ ઔર જો મલ રહિત નિર્મલ હૈ, જિસ સુખકી વિદ્વાન લોગ સદા ઈચ્છા કિયા કરતે હૈં તથા જો સ્થિરભાવ કરનેવાલે આત્માકે દ્વારા સહજમેં હી પ્રાપ્ત હોને યોગ્ય હૈ ઐસા સુખ અપને પાસ હોતે હુએ તૂ જો અંતમેં રસરહિત હૈ વ નાશવંત હૈ ઐસે બાહરી ઈન્દ્રિયજનિત સુખકો પ્રાપ્ત કરનેકે લિયે ક્યોં ખેદ ઉઠાતા હૈ? રે મૂર્ખ! મહાદેવજીકે મંદિરમેં ખાનેકો નૈવેદ્ય મિલતે હુએ ભિક્ષાકે લિયે મત ભ્રમણ કર. ૧૩૭૪. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૭૪)*

✻ સોનું-ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે, પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે, શાતા-વેદનીય જનિત લૌકિકસુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે, ક્રોધની તરવાર પકડી રાખી છે, માનનો શરાબ પીને બેઠો છે, મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાઙ્મુખ થઈને જૂઠમાં જ ગુંચવાઈ ગયો છે. ૧૩૭૫. *(શ્રી બનારસીદાસજી, નાટક–સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૨૮)*

✻ જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને ઉપવાસ જાણવો, બાકીનાને લાંઘણ કહે છે. ૧૩૭૬. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*


વર્ષ–૮
અંક–૧

દંસણમૂલો ધમ્મો । ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૯
September
A.D. 2013

## શ્રુતજ્ઞાનની પર્યાયની પણ અદ્ભુત તાકાત !

(શ્રી સમયસાર ઉપર (૧૫મી વાર) પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૪) (ઉત્તરાર્ધ)

જૈનદર્શન સ્વભાવનું સ્વરૂપ બતાવે છે તેથી પંચાસ્તિકાયમાં આવે છે કે લોકસ્વભાવને સાંભળનારા શ્રોતાઓને સમવસરણમાં ભગવાન આમ ફરમાવતા હતા. 'લોક' કહેતાં દરેક દ્રવ્યનો સ્વભાવ, તેના ગુણનો સ્વભાવ, પર્યાયનો સ્વભાવ, એ બધું જ લોકના સ્વભાવમાં આવી જાય.

એક સમયની જ્ઞાનપર્યાયની તાકાત કેટલી! એ જ્ઞાનગુણની તાકાત તો શું કહેવી! તેમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે પણ સાધકદશાની પર્યાય તો અસંખ્ય જ હોય, અનંત ન હોય. તે સાધકદશાની એક એક શ્રુતજ્ઞાનપર્યાયમાં અનંતા ગુણો અને અનંતા ધર્મોને જાણવાની તાકાત છે.

પ્રશ્ન થાય કે પૈસા પુણ્યથી મળે છે એમ માનવા છતાં કમાવાનો ભાવ કેમ થાય છે?—એ રાગની એવી યોગ્યતાને કારણે રાગ થાય છે પણ પૈસા મળવા એ કાંઈ રાગના કારણે મળતા નથી કેમ કે દરેક પદાર્થ સ્વતંત્ર છે. દરેકની પર્યાય સ્વતંત્ર છે એમ ભગવાન આત્માનું ભાવશ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. એક ભાવ એવો પણ આવ્યો કે આ જીવ અમુકકાળે મુક્તિ પામશે એવું પણ એક પ્રમેય છે તેને જ્ઞાન જાણી લે છે. બધાં પ્રમેયમાં આ પણ એક પ્રમેય છે ને! ધીરેથી સમજવા જેવી વાત છે. આ શ્રુતજ્ઞાનનો પર્યાય અમુક વખત સુધી સાધકપણે રહેશે એમ શ્રુતજ્ઞાન જાણી લે છે.

> સકલ કર્મનો ક્ષય કરી, પામ્યા સ્વયં સ્વભાવ,
> સર્વજ્ઞાની પરમાત્મને, નમું કરી બહુ ભાવ. ૧. —શ્રી ઈષ્ટોપદેશ

એક સમયની પર્યાયની આવડી તાકાત છે એ એને ભરોસામાં આવતું નથી. એટલે તો ૭૭ની સાલમાં દેવીદાસ ઘેવરિયાએ પ્રશ્ન કર્યો હતો કે આ શ્રીમદ્ એમ કેમ કહે છે કે અમે એક ભવ કરીને મોક્ષ જશું. તેમને ક્ષાયિક સમકિત તો ન હતું છતાં એમ કેવી રીતે કહે છે? ભાઈ! ક્ષાયિક સમકિત ભલે ન હો પણ, આત્માની નિર્મળ પર્યાય પ્રગટી તે એક પર્યાય કેવળજ્ઞાનને લાવે એવી તાકાતવાળી છે. શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત પણ કેટલી છે? તમારા ભગવતીસૂત્રમાં જ એવો પાઠ છે કે 'શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્યને, સર્વ ક્ષેત્રને, સર્વ કાળને, સર્વ ભાવને જાણે છે'. તત્ત્વાર્થસૂત્રમાં તો શ્રુતજ્ઞાન કેટલીક પર્યાય સહિત બધા દ્રવ્યને જાણે છે એમ કહ્યું છે પણ આમાં તો બધું જાણે છે એમ કહ્યું. ત્યાં શું બાકી રહ્યું?

સ્વરૂપની દૃષ્ટિ થઈ, ભ્રાંતિ ગઈ, સ્થિરતા દ્વારા બંધન ઢીલું પડી ગયું હવે અલ્પકાળમાં પૂરું છૂટી જશે. દૃષ્ટાંત આવે છે ને! હાથમાં દોરી બાંધી હોય તેની ગાંઠ છોડી નાખ્યા પછી હાથ હલાવતા હલાવતા દોરી ઢીલી પડી જાય છે. પછી છૂટતા વાર નથી લાગતી. બંધનવાળાને પોતાને ખાતરી આવે છે કે આ દોરીનું બંધન હમણાં છૂટી જશે, તેમ રાગથી શ્રદ્ધામાં અલ્પકાળમાં છૂટો પડી જશે એમ શ્રુતજ્ઞાનની પર્યાય પોતાના ભાવને બરાબર જાણી શકે છે.

આ કળશમાં પણ આચાર્યદેવ એ જ કહે છે. આ તો સંતોની વાણી છે કાંઈ કલ્પિત કવિતા નથી કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ'; આ તો જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી' એવા અનુભવી સંતોએ લખેલા કળશો છે. अनंतधर्मणस्तत्वं पश्यन्ती प्रत्यागमन....

આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણધર્મ છે. બીજા અનંત દ્રવ્યોમાં આ ધર્મ નથી એવો ચૈતન્યનો ગુણ અને પર્યાય પણ ચૈતન્યમય છે. સજાતીય જીવદ્રવ્યો અનંત છે. તેનામાં જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજસ્વરૂપે જુદું જુદું કહ્યું છે. એક જ ચેતન બધા ચેતનદ્રવ્યમાં વ્યાપેલું છે એમ નથી. દરેકનું ચૈતન્યસ્વરૂપ જુદું જુદું છે અને દરેકનું સામર્થ્ય પણ જુદું છે. પ્રદેશ પણ જુદા છે. ભાઈ! આવા આત્માની પ્રતીતિ થવી તેમાં અનંત પુરુષાર્થ છે. આ કાંઈ રમત રમવા જેવી વાત નથી. આ લાડવો ખાધો ને પેટ ભરાઈ ગયું એવી વાત નથી.

ભગવાન નિર્વિકલ્પ નિરાલંબી પ્રભુની પ્રતીતિ નિર્વિકલ્પદશા દ્વારા થવી તે કાંઈ સાધારણ વાત નથી. એમાં તો મુક્તિના ભણકારા આવી જાય. એક કળશમાં તો કહ્યું કે એ મુક્ત જ છે. થોડો રાગનો ભાગ છે તે જ્ઞેયમાં જાય છે. પોતાની જ્ઞાનદશામાં એ રાગ આવતો નથી.

યોગ્ય ઉપાદાને કરી, પત્થર સોનું થાય,
તેમ સુદ્રવ્યાદિ કરી, જીવ શુદ્ધ થઈ જાય. ૨ —શ્રી ઈષ્ટોપદેશ

એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ કે બાળક છીએ માટે અમને ન સમજાય. 'ન સમજાય' એમ માનવું જ નહિ. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે એવી જીવની તાકાત છે. માટે 'ન સમજાય' એવું શલ્ય કાઢી નાખવું કારણ કે એ શલ્ય જ એને સમજવા દેતું નથી. આત્મા બિચારો નથી, પામર નથી માટે પ્રભુતાની ના ન પાડ! પ્રભુતાને ઓઢ, પામરતા ન ઓઢ! સ્વરૂપની રચના કરે એ જ વીર્ય છે. વિકારને રચે તે કાંઈ વીર્ય કહેવાય?

શ્રોતા :—કર્મનો ઉદય એવો હોય કે પોતાનું વીર્ય કામ ન કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—કર્મનો ઉદય કર્મની પર્યાયમાં છે એ જીવને શું કરે? કર્મની પર્યાય કર્મમાં અને જીવની પર્યાય જીવમાં સ્વતંત્ર છે. કોઈની પર્યાય કોઈમાં ભળતી નથી. અહીં તો કહે છે કે એક સમયની પર્યાય બીજા સમયમાં પ્રવર્તતી નથી—ભળતી નથી એવો એક એક પર્યાયનો ધર્મ છે. વિકારી પર્યાય હો કે નિર્વિકારી પર્યાય હો તે દરેક સ્વતંત્ર ભિન્ન ધર્મવાળી છે. દીપચંદજીએ ચિદ્‌વિલાસમાં આવી વાત બહુ લખી છે. દિગંબરમાં આવા પહેલાંના પંડિતો ગૂઢ વાતો પ્રકાશિત કરી ગયા છે. પંડિતો અને મુનિઓમાં ચારિત્રમાં ફેર હોય પણ દર્શન-જ્ઞાનમાં કાંઈ ફેર હોતો નથી.

સંતો-મુનિઓ મહા ચારિત્રવંત હોય એવું જ્ઞાની પંડિતને ન હોય પણ તેથી કાંઈ શ્રદ્ધા-જ્ઞાનમાં ફેર ન હોય. શ્રદ્ધા તો જેવી (સમકિતી) તિર્યંચને હોય તેવી સિદ્ધને હોય અને જેવી સિદ્ધને શ્રદ્ધા હોય એવી તિર્યંચ સમકિતીને હોય.

અહીં તો કોઈનું ચેતનપણું કોઈ બીજામાં ભળતું નથી એમ કહ્યું ત્યાં ચિદ્‌વિલાસનું યાદ આવ્યું. તેમાં લખ્યું છે કે પોતાની એક પર્યાય બીજી પર્યાયમાં ભળતી નથી. પર્યાયનું કારણ પર્યાય, તેનું ક્ષેત્ર પર્યાય, પર્યાયનું પ્રવર્તન પોતાથી છે. દરેક સમયની પર્યાયનો 'સ્વ'ભાવ ભિન્ન ભિન્ન છે.

अनंतधर्मणस्तत्वं એટલે આત્માનું ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે માટે તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે એટલે 'જ્ઞાન' દેખે છે એમ લેવું અને દેખાડે છે એટલે 'વાણી' આ તત્ત્વને દેખાડે છે એમ લેવું. ચેતનને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે, કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે અને વાણી દેખાડે છે એવી એની તાકાત છે. માટે આ ત્રણેયને સરસ્વતીની મૂર્તિ કહીને નમસ્કાર કર્યા છે. વાણી તો પરમાણુની પર્યાય હોવા છતાં તેનામાં પોતાની શક્તિને અને પરની શક્તિને બતાવવાની તાકાત છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**આત્મભાવથી મોક્ષ જ્યાં, ત્યાં સ્વર્ગ શું દૂર,**
**ભાર વહે જે કોશ બે, અર્ધ કોશ શું દૂર. ૪.** —**શ્રી ઈષ્ટોપદેશ**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(પ્રવચન નં. ૧)(તા. ૨૦-૪-૪૪, ગુરુવાર)

## હિંદી ટીકાકારનું મંગલાચરણ

**समयसार सतगुरु प्रणमि, द्रव्य भाव हरषाय।**
**'गौतम' गणधर गाय गुण, जिनवाणी उर ध्याय॥१॥**
**'कुंदकुंद' मुनि चरण नमि, अनुभवके दातार।**
**ज्ञानभानु-सम्यक्किरण, मिथ्यातमहरतार॥२॥**
**नियमसार गुण-रत्नको, प्रगटायो सुखदाय।**
**प्राकृतभाषामय मधुर, निजरसअनुभवदाय॥३॥**

સમયસાર એટલે શુદ્ધ આત્મા, તેના છતાં ગુણો તે સત્ છે અને રાગાદિ અસત્ છે. સમયસારરૂપ સત્‌ને પ્રણમિને (તે તરફ વિશેષ નમીને) દ્રવ્ય અને ભાવથી હરષ લાવીને—નમીને, ગૌતમ ગણધરના ગુણગ્રામ કરીને, જિનવાણી જે પરમ આત્મપદને બતાવનાર તેનું ધ્યાન કરીને, અનુભવના દાતાર એવા શ્રી કુંદકુંદાચાર્યદેવના ચરણમાં નમસ્કાર કરીને હું આ શાસ્ત્રનો અનુવાદ કરું છું.

શ્રોતા :—આપ તો કહો છો કે કોઈ કોઈને કાંઈ આપી શકે નહીં—તો અહીં કુંદકુંદાચાર્યને અનુભવના દાતાર કેમ કહ્યા છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેના નિમિત્તથી અનુભવ પામ્યો તેનામાં આરોપ કરીને તેને અનુભવના દાતાર કહ્યા છે.

કુંદકુંદાચાર્ય સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્ય કિરણ આપનાર છે અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર છે. ગુણરત્નના ભંડારરૂપ નિયમસાર આત્માનો આનંદ દેવા માટે પ્રગટ કર્યું છે. આ શાસ્ત્રની ભાષા પ્રાકૃત—મધુર છે અને તે આત્માના આનંદનું દાતાર છે.

**'पद्मप्रभ मलधारि' जे, मुनि निर्ग्रन्थस्वरूप।**
**वर संस्कृत टीका रची, पद अरु शब्द अनूप॥४॥**

**ઇન્દ્રિયજન્ય નિરામયી, દીર્ઘકાલ તક ભોગ્ય,**
**ભોગે સુરગણ સ્વર્ગમાં, સૌખ્ય સુરોને યોગ્ય. ૫ —શ્રી ઈષ્ટોપદેશ**

ताकी छाया लेयकर, तुच्छ बुद्धि अनुसार।
प्राकृतकी भाषा करूँ, बालबोध हितकार।।५।।

જેના શરીરની કાંતિ પદ્મ(કમળ) જેવી હતી એવા શરીરને ધરનારા અને નિર્ગ્રંથસ્વરૂપ એટલે અંતરમાં રાગદ્વેષ રહિત અને બાહ્ય પરિગ્રહ રહિત એવા નિર્ગ્રંથ મુનિ શ્રી પદ્મપ્રભમલધારીદેવે આ શાસ્ત્રની સંસ્કૃત ટીકા કરી છે. જેવી અદ્ભુત ટીકા અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસારની કરી છે તેના જેવી જ અદ્ભુત ટીકા પદ્મપ્રભદેવે આ નિયમસારની કરી છે.

निज अनुभवके कारणें, पर अनुभवके काज।
चाह दाह जग छाँडकर, भजि मन वच जिनराज।।६।।

હું પોતાના અનુભવને કારણે અને પરજીવોને શાંતિ અનુભવ મળે એ અર્થે, જગતની ચાહ અને દાહ (રાગ અને દ્વેષ) છોડીને, મન-વચનથી વીતરાગનું ભજન કરીને આ ટીકા કરું છું.

આ પદ્મપ્રભમલધારીદેવ ૯૦૦ વર્ષ પહેલાં થયા હતા, તેમણે આ ટીકા રચી છે; તેમાં કારણ પરમાત્માનું (પરમ પારિણામિકભાવનું) ઘણી ઘણી અદ્ભુત રીતે વર્ણન કર્યું છે.

ટીકાકારના મંગલાચરણનો ભાવાર્થ

પહેલા દેવ-ગુરુની શુદ્ધિ બતાવનાર સ્વરૂપ કહ્યું છે.

त्वयि सति परमात्मन्मादृशान्मोहमुग्धान् कथमतनुवशत्वाबुद्धकेशान्यजेऽहम्?

હે પરમાત્મા! આપ તો શુદ્ધ આનંદના જ ભોગવનાર છો, જગતમાં કોઈ કર્તા-હર્તા નથી. આપના જેવા વીતરાગ જિનદેવ હોવા છતાં મોહમુગ્ધ એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે બુદ્ધ આદિ જે કર્તૃત્વને ભજે છે—અર્થાત્ જગતનું કર્તાપણું માને છે તેને હું કેવી રીતે ભજી શકું? પરનું કર્તાપણું માનવામાં રાગ છે; જગતનું કરી શકવાનું માન્યું ત્યાં પરનું અભિમાન આવ્યું, તેથી હું તો વીતરાગ જિનેન્દ્રદેવને નમસ્કાર કરું છું.

વસ્તુનો સ્વભાવ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે, તેને વળી બીજો ઉત્પન્ન કરે કે નાશ કરે એમ બને નહીં. જે મોહમાં મૂર્છાયેલા છે અને વિષયને વશ છે તે પરનું કર્તૃત્વ માને છે; કર્તાપણું માનવું તે રાગ છે; જો રાગ ન હોય તો પરનું કરવાનો ભાવ કરે શા માટે? તેથી એવા મોહમુગ્ધ પ્રાણીને નહિ નમતાં, જેણે રાગ-દ્વેષને હણીને વીતરાગતા મેળવી છે એવા જિનેન્દ્રદેવ સૂર્યને નમસ્કાર કરું છું. (ક્રમશઃ) ❊



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૧. અધ્રુવ અનુપ્રેક્ષા

जं किंचि वि उप्पण्णं तस्स विणासो हवेइ णियमेण ।
परिणाम-सरूवेण वि ण य किंचि वि सासयं अत्थि ।।४।।

यत्किंचिदपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन ।
परिणामस्वरूपेणापि न च किंचिदपि शाश्वतमस्ति ।।४।।

**અર્થ :—**જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈ પણ (વસ્તુ) શાશ્વત નથી.

જુઓ, આ વૈરાગ્યની ભાવના છે. સમયસારમાં પણ વૈરાગ્ય ભેગો જ છે. ત્યાં કહ્યું છે કે સમ્યગ્જ્ઞાન સાથે વૈરાગ્ય પણ ભેગો જ છે. જેટલો સ્વરૂપમાં ઠર્યો તેટલો પરદ્રવ્યથી વિરક્ત થયો, તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય ભાવનાઓ ચૈતન્યને આનંદની જનેતા છે. અનાકૂળ આનંદનો કંદ આત્મા છે, તેની ભાવનામાં વીતરાગી આનંદની શાંતિ ઉત્પન્ન થાય છે. એકલો શુભરાગ થાય તે કાંઈ આનંદદાયક નથી. આ ભાવનાઓ ભવ્ય જીવોને આનંદની જનની છે. એ વાત દરેક ભાવનામાં લાગુ પાડવી. દ્રવ્યને લક્ષમાં રાખીને આવી ભાવના ભાવે તેને આનંદ અને શાંતિ પ્રગટે છે. એકલી પર્યાયની ભાવનામાં આનંદ નથી. મારો આત્મા જ પરમાનંદસ્વભાવથી નિત્ય છે. એ સિવાય બીજા કોઈ સંયોગો નિત્ય રહેનારા નથી. જુઓ ભાઈ! આવા સ્વભાવની વૈરાગ્ય ભાવના પણ અનંતકાળમાં દુર્લભ છે. આવી ભાવના ભાવવા જેવી છે. અજ્ઞાનીઓ સંસારની અને વિકારની ભાવના ભાવે છે, તેમાં કાંઈ શાંતિ નથી.

ભગવાન શ્રી તીર્થંકરદેવ માતાના પેટમાં આવે ત્યારે પણ સમ્યગ્દર્શન સહિત હોય છે ને નિત્યાનંદ સ્વભાવની જેટલી ભાવના છે તેટલી સમાધિ વખતે પણ વર્તે છે. સમાધિમરણ થાય તેમાં વિશેષ શાંતિ હોય છે. ઉત્તમાર્થ પ્રતિક્રમણ વગેરે સહિત આનંદકંદ આત્મામાં ઝૂલતાં–ઝૂલતાં સમાધિમરણ થાય તેમાં ઘણી શાંતિ હોય છે પણ તેવો ''સમાધિજન્મ'' ન થાય. જન્મ વખતે સમ્યગ્દર્શન પૂરતી સમાધિ હોય પણ ચારિત્રદશાની સમાધિ ન હોય. અંદરમાં ચિદાનંદસ્વભાવની ભાવના ભાવતાં સમાધિ મરણે દેહ છૂટે છે.

> **તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર–અરિ, પુત્રાદિ સહુ અન્ય,**
> **પરભાવોમાં મૂઢ જન, માને તેહ અનન્ય. ૮** —**શ્રી ઈષ્ટોપદેશ**

જુઓ, અહીં અનિત્ય ભાવનામાં વસ્તુસ્વરૂપ વર્ણવે છે.

દરેક વસ્તુ સમાન્ય વિશેષ સ્વરૂપ છે. પરિણામ સ્વરૂપે(વસ્તુ) કાંઈ ધ્રુવ(સામાન્ય અપેક્ષાએ) નથી. વસ્તુના પરિણામ ક્ષણે–ક્ષણે પલટી જાય છે. વસ્તુ સામાન્યપણે ધ્રુવ ટકે છે પણ તેના પરિણામ અધ્રુવ છે. શરીર આદિનો સંયોગ તો અધ્રુવ છે ને કેવળજ્ઞાન પણ અધ્રુવ છે. આમ જાણીને તે અધ્રુવની ભાવના બદલતા પાસાની મહિમા છોડીને ધ્રુવ એવા ચિદાનંદસ્વભાવની ભાવના કરવી તે ખરી અધ્રુવ ભાવના છે.

જે પરમાણુ દૂધ અને ભાતપણે હતા તે જ પલટીને આ શરીરરૂપે થયા છે. ત્યાં તેની પર્યાય પલટી ગઈ પણ તે પરમાણુઓ તો કાયમ રહ્યા છે. હાર પલટીને કુંડળ થયાં ત્યાં સોનાની અવસ્થા પલટી પણ સોનું તો કાયમ છે. પાણી કાયમ રહીને તેમાં તરંગ ઊઠે છે; તેમ આત્મા સામાન્ય સ્વભાવે કાયમ રહે છે ને તેના વિચારો ક્ષણે–ક્ષણે પલટે છે, તે અધ્રુવતા છે.

દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ છે. તેમાં એકરૂપ રહેનારું દ્રવ્ય તે સામાન્ય છે ને ગુણ-પર્યાયો તે વિશેષ છે. દ્રવ્ય અને ગુણ નિત્ય ધ્રુવ છે ને તેની પર્યાય પલટતી અધ્રુવ છે. પદાર્થોની પર્યાય ક્ષણે-ક્ષણે પલટી જાય છે, તો હું કોના ઉપર મોહ કરું? આમ જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના કરે છે. પર જીવની અવસ્થાને હું ટકાવી રાખું એમ તો નથી પણ તેના પોતાથી પોતાની અવસ્થા પણ કાયમ ટકતી નથી. પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે ક્ષણે-ક્ષણે પલટી જાય છે ત્યાં પર્યાય બુદ્ધિવાળો અજ્ઞાની જીવ ક્ષણિક પર્યાયને ઊપજતી-વિણસતી દેખીને હર્ષ-શોક કરે છે ને તે પર્યાયને નિત્ય રાખવા માગે છે. જગતમાં પદાર્થોના પર્યાયોનું રૂપાંતર તો થયા જ કરે છે ત્યાં જો ત્રિકાળ રહેનારી નિત્ય વસ્તુને જાણે તો પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ ન થાય. પુત્રનો જન્મ થતાં હર્ષ અને મૃત્યુ થતાં શોક. વસ્ત્ર નવા આવે ત્યારે હર્ષ ને વસ્ત્ર બળી જાય ત્યાં શોક. એમ અજ્ઞાની પર્યાયને દેખીને હર્ષ-શોક કરે છે પણ નિત્ય ધ્રુવ રહેનારી વસ્તુને દેખતો(માનતો) નથી. જો નિત્ય ધ્રુવ વસ્તુને દેખે તો પર્યાયને ઊપજતી-વિણસતી દેખીને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય નહિ.

પહેલાં શરીરમાં ફાટફાટ જુવાની હોય ને વૃદ્ધાવસ્થા થતાં કેડ વળી જાય. એમ ક્ષણમાં પર્યાય પલટી જાય છે. એકવાર કેડથી વળી ગયેલી ડોશી ચાલી જતી હતી, ત્યાં એક જુવાને મશ્કરીમાં પૂછ્યું : ડોશીમા શુ ગોતો છો? ડોશીમા કહે, બેટા! જુવાની ક્યાં ગઈ તે ગોતું છું, એટલે કે તારી જુવાની કાયમ નહિ રહે, ક્ષણમાં પલટી જશે, માટે એનું અભિમાન છોડ. નિત્ય એકરૂપ રહેનારો જ્ઞાનાનંદ આત્મા છે તે જ ધ્રુવરૂપ છે. આવા ભાનપૂર્વક પર્યાયને અધ્રુવપણે ભાવે–તે અધ્રુવભાવના છે. અજ્ઞાની જીવ પર્યાયને નિત્ય રાખવા માંગે છે, તેથી પર્યાય પલટતાં તે અજ્ઞાનથી આકુળ-વ્યાકુળ થાય છે. જો શાશ્વત દ્રવ્યના ભાનપૂર્વક અધ્રુવભાવના ભાવે તો પર્યાય પલટતાં આકુળતા થાય નહિ માટે કહે છે કે આ અધ્રુવભાવના ભાવવા જેવી છે. કઈ રીતે અધ્રુવભાવના ભાવવી તે હવે કહેશે. (ક્રમશઃ)❀

# હેય–જ્ઞેય–ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર

(પરમાર્થ-વચનિકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન, ઉત્તરાર્ધ)

ઉપાદેયરૂપ પોતાની શુદ્ધતા, હેયરૂપ પોતાની અશુદ્ધતા અને જ્ઞેયરૂપ અન્ય છ દ્રવ્યો. અહીં જ્ઞેયરૂપ 'અન્ય છ દ્રવ્યો' કહ્યા તેમાં જોકે સ્વદ્રવ્ય પણ જ્ઞેયરૂપ તો છે પણ ઉપાદેયમાં તે આવી ગયું, કેમ કે શુદ્ધદ્રવ્યને જાણે તો જ ઉપાદેય કરે ને? જાણ્યા વિના કોને આદરશે? આ રીતે ઉપાદેય કહેતાં 'જ્ઞેયપણું' તો આવી જ ગયું, એટલે જ્ઞેયમાં તેની વાત જુદી ન કરી. જ્યારે અન્ય જીવાદિ છ દ્રવ્યો તો માત્ર જ્ઞેયરૂપ જ છે.

હવે નવતત્ત્વમાં લઈએ તો—

જ્ઞેયરૂપ તો બધાય તત્ત્વો છે;

ઉપાદેયરૂપ શુદ્ધજીવ તથા સંવર–નિર્જરા–મોક્ષ છે;

હેયરૂપ પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ છે.

અજીવતત્ત્વ હેય નથી, ઉપાદેય નથી, માત્ર જ્ઞેય છે; એટલે જડકર્મ પણ ખરેખર હેય–ઉપાદેય નથી, તે માત્ર જ્ઞેય છે; છતાં, તેના આશ્રયે થતા પરભાવોને છોડાવવા (અને સ્વદ્રવ્યનો આશ્રય કરાવવા) ઉપચારથી તે અજીવ–કર્મને 'હેય' પણ કોઈવાર કહેવાય છે; ત્યાં ખરેખર તો પરદ્રવ્યના આશ્રયે થતી અશુદ્ધતાનું જ હેયપણું બતાવવું છે.

અજ્ઞાની સ્વદ્રવ્યને ભૂલીને, પરદ્રવ્યને ગ્રહણ–ત્યાગ કરવા માંગે છે તે વિપરીતબુદ્ધિ છે; જ્ઞાનીને પરમાં ગ્રહણ–ત્યાગની બુદ્ધિ નથી. મારે છોડવાયોગ્ય હોય તો મારી અશુદ્ધતા, ને ગ્રહવાયોગ્ય હોય તો મારી શુદ્ધતા; —અહા! આવી બુદ્ધિમાં કોઈ ઉપર રાગ કે દ્વેષ ન રહ્યો, ક્યાંય પરાશ્રયબુદ્ધિ ન રહી, પોતામાં જ જોવાનું રહ્યું. ભાઈ, તું બીજા અજીવને કે પરને છોડવા માંગે છે, પણ એક તો તે તારાથી છૂટા છે જ અને બીજું આકાશમાં એકક્ષેત્રે રહેવારૂપ તેનો સંયોગ તો સિદ્ધનેય નથી છૂટતો. જગતમાં છએ દ્રવ્યો સદાકાળ એકક્ષેત્રાવગાહે રહેલાં છે. માટે પરને છોડવાની તારી બુદ્ધિ મિથ્યા છે. એ જ રીતે, પરનો એક અંશ પણ કદી તારા સ્વરૂપમાં આવતો નથી, માટે પરને ગ્રહવાની બુદ્ધિ પણ મિથ્યા છે. જ્ઞાનીને પરના ગ્રહણ–ત્યાગની આવી મિથ્યાબુદ્ધિ હોતી નથી. જ્ઞાનીની ચાલ અનોખી

> **સુખદુઃખ સંસારીનાં, વાસના જન્ય તું માન,**
> **આપદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬ —શ્રી ઈષ્ટોપદેશ**

છે. એની પરિણતિ અંતરમાં જે ગ્રહણ–ત્યાગનું કાર્ય ક્ષણે ક્ષણે કરી રહી છે તે બહારથી ઓળખાય તેવું નથી; તે ક્ષણેક્ષણે શુદ્ધ સ્વભાવને ગ્રહે છે ને પરભાવોને ક્ષણેક્ષણે છોડે છે. સ્વભાવનું ગ્રહણ ને પરભાવનો ત્યાગ–આવા ગ્રહણ-ત્યાગ વડે તે મોક્ષને સાધે છે.

પર દ્રવ્ય મને અશુદ્ધતા કરાવે એમ જે માને તે પરદ્રવ્યને હેય માનીને દ્વેષ કરે પણ પોતાની અશુદ્ધતાને છોડવાનો ઉપાય કરે નહિ.

પરના આશ્રયે મને શુદ્ધતા થાય એમ જે માને તે પરદ્રવ્યને ઉપાદેય માનીને તેના રાગમાં રોકાઈ રહે પણ સ્વદ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધતાને તે સાધે નહિ.

આ રીતે નિમિત્તાધીનદ્રષ્ટિમાં રોકાયેલા જીવો સ્વભાવનું ગ્રહણ કે પરભાવનો ત્યાગ કરી શકતા નથી એટલે મોક્ષને સાધી શકતા નથી.

અહો, એકવાર આ સમજે તો કેટલી વીતરાગતા થઈ જાય! પરિણતિ સ્વાશ્રય તરફ વળીને મોક્ષ તરફ ચાલવા માંડે.—એ ધર્મીની ચાલ છે. (ચાલ એટલે પદ્ધતિ; રીત; પરિણતિ; માર્ગ.)

આ પંડિત બનારસીદાસજીએ ઉપાદાન–નિમિત્તના દોહા પણ રચ્યા છે, દોહા તો ફક્ત ૭ છે પણ તેમાં સ્પષ્ટતા ઘણી છે. તેમાં કહે છે કે—

''સધે વસ્તુ અસહાય જહાં તહાં નિમિત્ત હૈ કૌન?''—જ્યાં બધી વસ્તુ અસહાયપણે (અન્યની સહાય વગર) સધાય છે ત્યાં નિમિત્ત તેમાં શું કરે છે?–કંઈ જ નહિ; નિમિત્તે કાંઈ સહાય કરી છે એમ બનતું નથી. એટલે જેમ બાહ્યનિમિત્તો સહાયકારી નથી તેમ મોક્ષમાર્ગમાં શુભરાગરૂપ નિમિત્ત પણ સહાયકારી નથી, તે પણ મોક્ષમાર્ગમાં અકિંચિત્કર છે–એ વાત ખાસ સમજવી જરૂરી છે.

શ્રોતા :—જીવને શુદ્ધતા–અશુદ્ધતામાં પરદ્રવ્ય નિમિત્ત છે કે નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—છે.

શ્રોતા :—તે નિમિત્ત હેય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :———ના.

શ્રોતા :—તો શું નિમિત્ત ઉપાદેય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :———ના. નિમિત્ત હેય નથી તેમ જ ઉપાદેય નથી, નિમિત્ત તો જ્ઞેય છે.

**દિશા–દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,**
**પ્રાતઃ થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઉડન્ત. ૯ —શ્રી ઈષ્ટોપદેશ**

પરદ્રવ્યરૂપ જે નિમિત્ત છે તે તો હેય–ઉપાદેય નથી; તે ઉપરાંત અહીં તો રાગાદિરૂપ અશુદ્ધ વ્યવહારને પણ નિમિત્તમાં નાખ્યો છે, ને શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારને જ ધર્મીના વ્યવહારમાં ગણ્યો છે. એટલે અહીં શુભરાગરૂપ જે નિમિત્ત કહ્યું છે તે હેય છે; કેમકે તે પોતાનો અશુદ્ધભાવ છે તેથી તે હેય છે. તેના વડે મોક્ષમાર્ગ સધાતો નથી. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર મોક્ષમાર્ગ સધાય છે.

અજ્ઞાની હેય–જ્ઞેય ઉપાદેયને બરાબર ઓળખતો નથી એટલે હેય–જ્ઞેય–ઉપાદેયની શક્તિ તેનામાં નથી; ધર્મી જીવ હેયરૂપ પરભાવોને હેય જાણે છે, ઉપાદેયરૂપ પોતાના શુદ્ધ દ્રવ્ય–પર્યાયોને ઉપાદેય જાણે છે અને જ્ઞેયરૂપ સમસ્ત પદાર્થોને જ્ઞેયરૂપ જાણે છે, એટલે હેય–જ્ઞેય–ઉપાદેયની શક્તિ તેને પ્રગટી છે. જ્ઞાતાની આ શક્તિ ગુણસ્થાનઅનુસાર વધતી જાય છે. જેમ કે—

ચોથા ગુણસ્થાને અનંતાનુબંધી કષાયનો ત્યાગ છે ને સમ્યક્ત્વ તથા સ્વરૂપાચરણ શુદ્ધિ પ્રગટી છે, તથા સ્વજ્ઞેયને જાણ્યું છે.

પાંચમા ગુણસ્થાને તેને અનંતાનુબંધી તેમ જ અપ્રત્યાખ્યાની એ બે કષાયનો ત્યાગ થયો છે તથા સ્વરૂપાચરણ ઉપરાંત દેશસંયમચારિત્રની શુદ્ધિ પ્રગટી છે, એટલી હેય–ઉપાદેયશક્તિ વધી છે, અને સ્વજ્ઞેયને પકડવાની શક્તિ પણ વધી છે.

છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ત્રણ કષાયોના ત્યાગ જેટલી શક્તિ પ્રગટી છે ને સંયમદશાને યોગ્ય શુદ્ધતા વધી છે. એ રીતે ત્યાં હેય–ઉપાદેયશક્તિ વધી છે, અને સ્વજ્ઞેયને પકડવાની શક્તિ પણ ખૂબ વધી છે.

આ રીતે ગુણસ્થાનઅનુસાર અશુદ્ધતા હેય થતી જાય છે (–છૂટતી જાય છે), શુદ્ધતા ઉપાદેય થતી જાય છે, એટલે હેય–ઉપાદેયશક્તિ વધતી જાય છે, જ્ઞાનની તાકાત પણ વધતી જાય છે; અને ક્રિયા (શુભરાગ તથા બાહ્યક્રિયા) તે–તે ગુણસ્થાનને યોગ્ય હોય છે એક ગુણસ્થાને પણ ભિન્ન ભિન્ન અનેક જીવોને જુદી જુદી ક્રિયા હોય છે–પણ તે ગુણસ્થાનને યોગ્ય હોય તેવી જ ક્રિયા હોય, તેથી વિરુદ્ધ ન હોય. જેમ કે—કરોડો મુનિ છઠ્ઠા ગુણસ્થાને હોય છે તેમાં કોઈ સ્વાધ્યાયક્રિયા, કોઈ ધ્યાન, કોઈ આહાર, કોઈ વિહાર, કોઈ આલોચના, કોઈ પ્રાયશ્ચિત્ત, કોઈ ઉપદેશ, કોઈ તીર્થવંદના, કોઈ જિનસ્તવન, કોઈ દિવ્યધ્વનિશ્રવણ–એવી ભિન્ન ભિન્ન ક્રિયામાં પ્રવર્તતા હોય,–પણ ત્યાં કોઈ વસ્ત્ર પહેરતા

**અપરાધી જન કાં કરે, હન્તા જન પર ક્રોધ?**
**પગથી ત્ર્યંગુલ પાડતાં, દંડે પડે અબોધ. ૧૦ —શ્રી ઈષ્ટોપદેશ**

હોય કે વાસણમાં જમતા હોય કે સદોષ આહાર લેતા હોય—એવી ક્રિયા છઠ્ઠા ગુણસ્થાને ન સંભવે. એ રીતે ચોથા ગુણસ્થાને જિનપ્રભુની પૂજા, મુનિવરો વગેરેને આહારદાન, સ્વાધ્યાય, શ્રવણ વગેરે શુભ, તેમ જ વેપાર ગૃહકાર્ય વગેરે અશુભ, તથા કોઈ વાર સ્વરૂપનું ધ્યાન વગેરે ક્રિયાઓ હોય છે, પણ કુદેવ–કુગુરુનું સેવન, સીધી ત્રસહિંસા, કે માંસભક્ષણ વગેરે ક્રિયાઓ ત્યાં સંભવતી નથી. આમ રાગ અને બાહ્યક્રિયા તે જોકે નિમિત્ત છે પણ તે ગુણસ્થાન અનુસાર હોય છે. તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાની પ્રભુને યોગનું કંપન, દિવ્યધ્વનિ કે ગગનમાં મંગલવિહાર જેવી ક્રિયાઓ હોય, પણ ત્યાં રોગ, ખોરાક, કે જમીન ઉપર ગમન વગેરે ક્રિયાઓ હોય નહિ. જે ભૂમિકામાં જેવી ક્રિયા ને જેવો રાગ ન સંભવે તેવી ક્રિયા ને તેવો રાગ ત્યાં માને તો તેને તે ભૂમિકાના સ્વરૂપની ખબર નથી, અને તે ભૂમિકાના યોગ્ય નિમિત્ત કેવા હોય તેને પણ તે ઓળખતો નથી.

હવે હેય બાબત : જે ભૂમિકામાં જે પ્રકારની અશુદ્ધતા બાકી હોય તેને ત્યાં હેયરૂપ જાણે; પણ તે ભૂમિકામાં જે પ્રકારની અશુદ્ધતાનો અભાવ જ હોય ત્યાં હેય કોને કરવું? જેમકે છઠ્ઠા ગુણસ્થાને મિથ્યાત્વ–અવ્રતાદિ ભાવ છૂટી ગયેલા જ છે એટલે ત્યાં હવે તેને છોડવાપણું બાકી નથી, તેથી ત્યાં હેયરૂપમાં તે અવ્રતાદિ ન લેવાય; પણ તે ભૂમિકામાં મહાવ્રતાદિ સંબંધી જે શુભરાગ વર્તે છે તે રાગ જ ત્યાં હેયરૂપ છે. કેમકે છોડવાયોગ્ય તો પોતામાં હોય તેવી અશુદ્ધતા છે, પણ પોતામાં જે અશુદ્ધતા હોય જ નહિ તેને શું છોડવી? માટે હેયપણું પણ ગુણસ્થાનઅનુસાર જાણવું. કેવળીભગવંતને હવે કાંઈ મિથ્યાત્વ કે રાગાદિને હેય કરવાપણું નથી રહ્યું, તેમને તો તે ભાવો છૂટી ગયેલા જ છે. જેનો અભાવ છે તેને છોડવું શું? એમ બધા ગુણસ્થાને, જે અશુદ્ધતા વિદ્યમાન હોય તેનું જ હેયપણું સમજવું. જેમ જેમ ગુણસ્થાન વધતું જાય તેમ તેમ હેયરૂપ ભાવો ઘટતા જાય છે, ને ઉપાદેયરૂપ ભાવો વધતા જાય છે; અંતે હેયરૂપ સમસ્ત ભાવો છૂટીને સર્વથા પ્રકારે ઉપાદેય એવી સિદ્ધદશા પ્રગટે છે. પછી ત્યાં હેય–ઉપાદેયપણાની કોઈ પ્રવૃત્તિ બાકી રહેતી નથી, એ કૃતકૃત્ય છે.

જુઓ, આમાં હેય–ઉપાદેયશક્તિ વધે તેમ તેમ ગુણસ્થાન વધે છે—એમ કહ્યું, અને હેય–ઉપાદેય તો પોતાના અશુદ્ધ–શુદ્ધ ભાવો જ કહ્યા; પણ પરદ્રવ્યના ગ્રહણ–ત્યાગઅનુસાર ગુણસ્થાન વધે એમ ન કહ્યું. વસ્ત્રાદિ છોડે માટે ગુણસ્થાન વધી જાય એવો નિયમ નથી પણ મિથ્યાત્વાદિ પરભાવ છોડે તેના પ્રમાણમાં ગુણસ્થાન વધે. અને ગુણસ્થાન

> દીર્ઘ દોર બે ખેંચતાં, ભમે દંડ બહુ વાર,
> રાગ–દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧. —શ્રી ઈષ્ટોપદેશ

વધતાં તે–તે ગુણસ્થાન અનુસાર બહારનો ત્યાગ (જેમકે છટ્ઠે વસ્ત્રાદિનો ત્યાગ) તો સહજપણે સ્વયમેવ હોય. પણ તે ત્યાગનું કર્તાપણું આત્માને નથી, આત્માને તો તેનું જ્ઞાતાપણું છે. આત્માને તે જ્ઞેયપણે છે, ઉપાદેયપણે નથી.

હેય–જ્ઞેય–ઉપાદેય સંબંધી જ્ઞાતાના વિચાર તો આવા હોય; આથી વિરુદ્ધ વિચાર હોય તો તે અજ્ઞાનીના વિચાર છે. મોક્ષમાર્ગ કાંઈ બે પ્રકારના નથી, મોક્ષમાર્ગનો એક જ પ્રકાર છે; સ્વાશ્રિતભાવરૂપ એક જ પ્રકારનો મોક્ષમાર્ગ છે, ને પરાશ્રિતભાવ તે મોક્ષમાર્ગ નથી. પરાશ્રિતભાવને જે મોક્ષમાર્ગ માને તેની ચાલ મોક્ષમાર્ગથી વિપરીત છે. સ્વાશ્રિતમોક્ષના માર્ગનું વર્ણન કરતાં સમયસાર ગા. ૨૭૬–૨૭૭ માં કહ્યું છે કે– આચારાંગ આદિનું જ્ઞાન, નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા કે છ જીવ-નિકાયની દયાના શુભપરિણામરૂપ વ્યવહારચારિત્ર—આવા જે પરાશ્રિતભાવો તેના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ માનવામાં દોષ આવે છે કેમકે અજ્ઞાનીનેય તેવા પરાશ્રિત જ્ઞાનાદિ હોવા છતાં તેને મોક્ષમાર્ગ હોતો નથી, અને જ્ઞાનીને ઉપલીદશામાં તેવા પરાશ્રિતભાવો ન હોય તોપણ મોક્ષમાર્ગ હોય છે. માટે પરાશ્રિતભાવોમાં મોક્ષમાર્ગ નથી. શુદ્ધઆત્મા જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો આશ્રય છે–એ એકાન્ત (અબાધિત) નિયમ છે. જ્યાં શુદ્ધાત્માનો આશ્રય છે ત્યાં જરૂર મોક્ષમાર્ગ છે; જ્યાં શુદ્ધાત્માનો આશ્રય નથી ત્યાં મોક્ષમાર્ગ નથી. આ રીતે મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે. અને પરાશ્રિત મોક્ષમાર્ગ નથી તેથી પરાશ્રિત એવો વ્યવહાર નિષેધવાયોગ્ય છે–હેય છે. સ્વસત્તાના અવલંબને જ ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે. પરાવલંબી જ્ઞાનાદિને ધર્મી જીવ મોક્ષમાર્ગ માનતા નથી.

અરે જીવ! તારી જ્ઞાનધારામાં પણ જેટલું પરાવલંબીપણું છે તે મોક્ષનું કારણ નથી, તો પછી સર્વથા પરાવલંબી એવો રાગ તો મોક્ષનું કારણ ક્યાંથી હોય? ને બહારના નિમિત્તો તો ક્યાંય બહાર રહ્યાં! અરે, આવો દુર્લભ અવસર પામીને પણ હે જીવ! જો તેં તારા સ્વજ્ઞેયને ન જાણ્યું ને સ્વાશ્રયે મોક્ષમાર્ગ ન સાધ્યો તો તારું જીવન વ્યર્થ છે. આ અવસર ચાલ્યો જશે તો તું પસ્તાઈશ.

પ્રશ્ન :—અમારા નિમિત્તને અને વ્યવહારને તમે ભલે મહત્વ નથી આપતા, ને અધ્યાત્મને જ મહત્વ આપો છો, પણ જગતમાં તમારી આવી અધ્યાત્મની વાતને તો કોણ પૂછે છે? અમારી વ્યવહારની ને નિમિત્તની વાતને તો બધા જાણે છે!—

એક વિપદને ટાળતાં, અન્ય વિપદ બહુ આય,
પદિકા જ્યમ ઘટિયંત્રમાં, એક જાય બહુ આય. ૧૨. —શ્રી ઈષ્ટોપદેશ

"નિમિત્ત કહે મોંકો સબૈ જાનત હૈ જગ લોય,
તેરો નામ ન જાનહી ઉપાદાન કો હોય?"

ઉત્તર :—ભાઈ, જગતના અજ્ઞાનીઓ મોક્ષમાર્ગની આવી અધ્યાત્મવાતને ભલે ન જાણે, પણ જગતના બધાય જ્ઞાનીઓ ને સર્વજ્ઞો તો એ વાત બરાબર જાણે છે. માટે—

ઉપાદાન કહે રે નિમિત્ત! તૂં કહા કરે ગૂમાન,
મોકોં જાનેં જીવ વે જો હૈં સમ્યક્વાન.

જેઓ આ અધ્યાત્મનું સ્વરૂપ જાણે છે તેઓ જ મુક્તિને પામે છે; અજ્ઞાનીને તો નિશ્ચય–વ્યવહાર વગેરેની કાંઈ ખબર જ નથી એટલે તે આ વાત જાણે નહિ ને માનેય નહિ. અને જે જીવ આ વાત જાણે તે અજ્ઞાની રહે નહિ. આ તો આત્મહિતની અપૂર્વ અલૌકિક વાત છે. આવા સ્વાવલંબી મોક્ષમાર્ગનું સ્વરૂપ જે સમજે તેને મોક્ષમાર્ગ પ્રગટ્યા વિના રહે નહિ. (ક્રમશઃ) ❑

---

(અનુસંધાન પેજ નં. ૩ થી ચાલુ)

શ્રોતા :—વચનગોચર નથી એના ધર્મોને વાણી ક્યાં બતાવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વચનગોચર છે તેવા ધર્મો કહ્યાં અને વચનગોચર નથી એવા પણ અનંત ધર્મો છે એમ કહીને વાણીએ અનુમાન તો કરાવ્યું ને!

આ રીતે, સરસ્વતીની મૂર્તિ આત્મતત્ત્વને દેખતી હોવાથી અને દેખાડતી હોવાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે તે 'સદા પ્રકાશરૂપ રહો' એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે. 'શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને જિનવાણી સદા પ્રકાશરૂપ રહો' એમ કહીને મહા માંગલિક કર્યું છે. આશીર્વાદરૂપ વચન કહ્યાં છે. વચન કહો કે વાદ કહો એક જ છે. અહો! જયચંદજી પંડિતે પણ કેવા અર્થ કર્યાં છે! પહેલાંના લોકો બહુ ભવભીરૂ અને અંતરની વાસ્તવિક સ્થિતિ કઈ રીતે છે તે રીતે વાત કરનારા હતા, બીજી આડી અવળી વાત નહિ.

આમ, બે કળશમાં દેવ અને શાસ્ત્રને વંદન કર્યાં. હવે ગુરુ તો અમૃતચંદ્રાચાર્ય પોતે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન એમ બધી જગ્યાએ આવે છે ને! અહીં ટીકાકાર 'ગુરુ' આચાર્યદેવ ત્રીજા કળશમાં આ ગ્રંથના ફળને ચાહતા પ્રતિજ્ઞા કરે છે. વિશેષ કહેવાશે. (ક્રમશઃ)

❀

**જ્વર–પીડિત જ્યમ ઘી વડે, માને નિજને ચેન,**
**કષ્ટ–સાધ્ય ધન આદિથી, માને મૂઢ સુખ તેમ. ૧૩.** **—શ્રી ઈષ્ટોપદેશ**


# પરમાગમ શ્રી સમયસારનો સાર

શ્રી સમયસાર અલૌકિક શાસ્ત્ર છે. આચાર્યભગવાને આ જગતના જીવો પર પરમ કરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે. અનંત કાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે. પરમ કૃપાળુ આચાર્યભગવાન આ શાસ્ત્ર શરૂ કરતાં પોતે જ કહે છેઃ—'કામભોગબંધની કથા બધાએ સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે પણ પરથી જુદા એકત્વની પ્રાપ્તિ જ કેવળ દુર્લભ છે. તે એકત્વની—પરથી ભિન્ન આત્માની—વાત હું આ શાસ્ત્રમાં સમસ્ત નિજ વિભવથી (આગમ, યુક્તિ, પરંપરા અને અનુભવથી) કહીશ.' આ પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્યદેવ આ શાસ્ત્રમાં આત્માનું એકત્વ—પરદ્રવ્યથી અને પરભાવોથી ભિન્નતા—સમજાવે છે. તેઓશ્રી કહે છે કે 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે.' વળી તેઓ કહે છે કે 'આવું નહિ દેખનાર અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનમય છે.' આ રીતે, જ્યાં સુધી જીવને પોતાની શુદ્ધતાનો અનુભવ થતો નથી ત્યાં સુધી તે મોક્ષમાર્ગી નથી; પછી ભલે તે વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર ચારિત્ર પાળતો હોય અને સર્વ આગમો પણ ભણી ચૂક્યો હોય. જેને શુદ્ધ આત્માનો અનુભવ વર્તે છે તે જ સમ્યગ્દૃષ્ટિ છે. રાગાદિના ઉદયમાં સમકિતી જીવ કદી એકાકારરૂપ પરિણમતો નથી પરંતુ એમ અનુભવે છે કે 'આ, પુદ્‌ગલકર્મરૂપ રાગના વિપાકરૂપ ઉદય છે; એ મારો ભાવ નથી, હું તો એક જ્ઞાયકભાવ છું.' અહીં પ્રશ્ન થશે કે રાગાદિભાવો થતા હોવા છતાં આત્મા શુદ્ધ કેમ હોઈ શકે? ઉત્તરમાં સ્ફટિકમણિનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. જેમ સ્ફટિકમણિ લાલ કપડાના સંયોગે લાલ દેખાય છે—થાય છે તોપણ સ્ફટિકમણિના સ્વભાવની દૃષ્ટિથી જોતાં સ્ફટિકમણિએ નિર્મળપણું છોડ્યું નથી, તેમ આત્મા રાગાદિ કર્મોદયના સંયોગે રાગી દેખાય છે—થાય છે તોપણ શુદ્ધનયની દૃષ્ટિથી તેણે શુદ્ધતા છોડી નથી. પર્યાયદૃષ્ટિએ અશુદ્ધતા વર્તતાં છતાં દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધતાનો અનુભવ થઈ શકે છે. તે અનુભવ ચોથે ગુણસ્થાને થાય છે. આ પરથી વાચકને સમજાશે કે સમ્યગ્દર્શન કેટલું દુષ્કર છે. સમ્યગ્દૃષ્ટિનું પરિણમન જ ફરી ગયું હોય છે. તે ગમે તે કાર્ય કરતાં શુદ્ધ આત્માને અનુભવે છે. જેમ લોલુપી માણસ મીઠાના અને શાકના સ્વાદને જુદા પાડી શકતો નથી તેમ અજ્ઞાની જ્ઞાનને અને રાગને જુદાં પાડી શકતો નથી; જેમ અલુબ્ધ માણસ શાકથી મીઠાનો જુદો સ્વાદ લઈ શકે છે તેમ સમ્યગ્દૃષ્ટિ રાગથી જ્ઞાનને જુદું અનુભવે

**દેખે વિપત્તિ અન્યની, નિજની દેખે નાહિ,**
**બળતાં પશુઓ વન વિષે, દેખે તરુ પર જાઈ. ૧૪. —શ્રી ઈષ્ટોપદેશ**

છે. હવે એ પ્રશ્ન થાય છે કે આવું સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત કરી શકાય અર્થાત્ રાગ ને આત્માની ભિન્નતા કઈ રીતે અનુભવાંશે સમજાય? આચાર્યભગવાન ઉત્તર આપે છે કે, પ્રજ્ઞારૂપી છીણીથી છેદતાં તે બન્ને જુદા પડી જાય છે, અર્થાત્ જ્ઞાનથી જ— વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણથી જ—, અનાદિ કાળથી રાગદ્વેષ સાથે એકાકારરૂપે પરિણમતો આત્મા ભિન્નપણે પરિણમવા લાગે છે; આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે દરેક જીવે વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરવાનો પ્રયત્ન સદા કર્તવ્ય છે.

યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે આ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આ શાસ્ત્રમાં આચાર્યભગવાને અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે. જીવ અને પુદ્ગલને નિમિત્તનૈમિત્તિકપણું હોવા છતાં બન્નેનું તદ્દન સ્વતંત્ર પરિણમન, જ્ઞાનીને રાગદ્વેષનું અકર્તા-અભોક્તાપણું, અજ્ઞાનીને રાગદ્વેષનું કર્તા-ભોક્તાપણું, સાંખ્યદર્શનની એકાંતિકતા, ગુણસ્થાન-આરોહણમાં ભાવનું અને દ્રવ્યનું નિમિત્તનૈમિત્તિકપણું, વિકારરૂપે પરિણમવામાં અજ્ઞાનીનો પોતાનો જ દોષ, મિથ્યાત્વાદિનું જડપણું તેમ જ ચેતનપણું, પુણ્ય અને પાપ બન્નેનું બંધસ્વરૂપપણું, મોક્ષમાર્ગમાં ચરણાનુયોગનું સ્થાન—ઈત્યાદિ અનેક વિષયો આ શાસ્ત્રમાં પ્રરૂપ્યા છે. એ બધાનો હેતુ ભવ્ય જીવોને યથાર્થ મોક્ષમાર્ગ બતાવવાનો છે. આ શાસ્ત્રની મહત્તા જોઈને ઉલ્લાસ આવી જતાં શ્રી જયસેન આચાર્યવર કહે છે કે ‘જયવંત વર્તો તે શ્રી પદ્મનંદી આચાર્ય અર્થાત્ ભગવાન કુંદકુંદઆચાર્ય કે જેમણે મહાતત્ત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.’ ખરેખર આ કાળે આ શાસ્ત્ર મુમુક્ષુ ભવ્યજીવોનો પરમ આધાર છે. આવા દુઃષમ કાળમાં પણ આવું અદ્ભુત અનન્ય-શરણભૂત શાસ્ત્ર—તીર્થંકરદેવના મુખમાંથી નીકળેલું અમૃત— વિદ્યમાન છે તે આપણું મહા સદ્ભાગ્ય છે. નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક યથાર્થ મોક્ષમાર્ગની આવી સંકલનાબદ્ધ પ્રરૂપણા બીજા કોઈ પણ ગ્રંથમાં નથી. પરમ પૂજ્ય સદ્ગુરુદેવના શબ્દોમાં કહું તો—‘આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્તંભ છે; સાધકની એ કામધેનુ છે, કલ્પવૃક્ષ છે. ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. એની દરેક ગાથા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. આ શાસ્ત્રના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલા આ સમયસારમાં તીર્થંકરદેવના નિરક્ષર ૐકારધ્વનિમાંથી નીકળેલો જ ઉપદેશ છે.’




પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

ભરતક્ષેત્રની આ ચોવીસીના ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ અને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ સંતો દ્વારા સુરક્ષિત, તર્કશુદ્ધ અબાધિત સુવિજ્ઞાન-સિદ્ધાન્તોની કસોટીમાંથી પાર ઊતરી શકે એવો, અધ્યાત્મરસપ્રમુખ વીતરાગ જૈનધર્મ કાળદોષે વૈજ્ઞાનિક ભૂમિકા ઉપરથી સરી પડીને રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતામાં અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયો હતો એવા આ યુગમાં—વિક્રમની વીસ-એકવીસમી સદીમાં—ભારતવર્ષના જીવોના મહાન પુણ્યોદયે જે મહાપુરુષે અવતાર લઈને આત્મસાધનાનો અધ્યાત્મ પંથ ઉજાળ્યો, વાડાની કેદમાંથી બહાર કાઢી જેમણે હજારો જીવોમાં શુદ્ધ આત્મા સમજવાની જિજ્ઞાસા જગાવીને એક નવા મુમુક્ષુસમાજનું સર્જન કર્યું, પોતાની સ્વાનુભવસમૃદ્ધ ભેદજ્ઞાનકળાથી જિનશાસનનાં સૂક્ષ્મ રહસ્યોને ઉકેલીને જેમણે 'તારામાં બધું ભર્યું પડ્યું છે' એમ જાહેર કરી પ્રત્યેક જીવની શક્તિરૂપ પ્રભુતાનો જગતમાં ઢંઢેરો પીટ્યો—ઈત્યાદિ અનેક પ્રકારે ભારતવર્ષના ધર્મપિપાસુ જીવો ઉપર જેમનો અનંત અનંત ઉપકાર છે તે અધ્યાત્મયુગસ્રષ્ટા પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકાર-ગુણકીર્તન અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.



આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો પવિત્ર જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં વિ.સં. ૧૯૪૬, વૈશાખ સુદ બીજ ને રવિવારના શુભ દિને વહેલી સવારે થયો હતો. માતુશ્રીનું નામ ઉજમબા અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક અને ધર્મે સ્થાનકવાસી જૈન હતા. શિશુવયથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની

સૌમ્યતા અને આંખોમાં બુદ્ધિ ને વીર્યની પ્રતિભા તરી આવતી હતી. નિશાળમાં તેમ જ જૈનશાળામાં પ્રાયઃ પહેલો નંબર રાખતા હતા.


અગિયારેક વર્ષની ઉંમરે પોતે એક વાર જૈનશાળાનાં પગથિયાં ઉતરતા હતાં ત્યારે સંપ્રદાયના એક સાધુને વૈરાગ્યની મસ્ત ચાલથી જતા જોયા. જોતાં જ હોનહાર મહાપુરુષને હૃદયમાં સોંસરવટ ઘા પડી ગયો અને અંદરમાં થયું કે—'અહા! કેવી વૈરાગ્યની ધૂન! નીચે નયણે કેવી મલપતી ચાલ! સાવ એકલા, કોઈ સાથ કે વળાવિયો નહિ! કેવી અબધૂત દશા!' આમ બાળવયથી જ વૈરાગી મસ્ત જીવન પ્રત્યે તેમનું ચિત્ત અર્પાઈ જતું. નિશાળના લૌકિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ; તેમને ઊંડે ઊંડે રહ્યા કરતું કે 'જેની શોધમાં હું છું તે આ નથી'. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ-મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાનો (વિ.સં. ૧૯૫૯માં) તેમજ પિતાનો (વિ.સં. ૧૯૬૩માં) વિયોગ થયો. પોતે પાલેજમાં પિતાજીની દુકાનમાં જોડાયા. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક અને સરળ હતું. એક વાર વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેમણે અમલદાર સમક્ષ સત્ય ઘટના સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા અને નિર્ભિકતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત યથાર્થ છે એમ વિશ્વાસ આવવાથી તે સંપૂર્ણપણે માન્ય રાખી.

તેઓ કોઈ કોઈ વખત નાટક જોવા જતા; અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે તેમને નાટકની શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર થતી અને તે કેટલાય દિવસો સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી ધૂનમાં



'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ શબ્દોથી શરૂ થતું બાર કડીનું કાવ્ય તેમણે બનાવ્યું હતું. અહા! સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં કેવાં નિમિત્ત બનાવે છે! (ક્રમશઃ) ❑



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૪

**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

**‘જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.’**

શુદ્ધચૈતન્ય અકષાયસ્વરૂપ—સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ—નિજ આત્મસ્વભાવના જ્ઞાન વગરનો વૈરાગ્ય તે સાચો વૈરાગ્ય નથી; કેમ કે જ્યાં શુદ્ધચૈતન્ય મહાપ્રભુ એવા સર્વોત્કૃષ્ટ નિજ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન નથી ત્યાં વૈરાગ્ય હોતો નથી, ત્યાં પર તરફના રાગનો અભાવ હોતો નથી. તેથી કહે છે કે જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી.

સ્ત્રી છોડે, કુટુંબ છોડે, નાત છોડે, ધંધો છોડે, અશુભ ભાવ છોડે પણ વસ્તુસ્થિતિના ભાન વિના, અસ્તિ-મોજૂદગી–સ્વરૂપ જે પૂર્ણ ચીજ છે તે પૂર્ણ સ્વભાવના જ્ઞાન વિના, વૈરાગ્ય–રાગનો અભાવ—એને સાચો હોતો નથી. ખરેખર એ વૈરાગ્ય નથી પણ રુંધાયેલો–રોકેલો, દાબેલો—કષાય છે; કેમ કે તે મિથ્યાત્વ સહિત છે ને? અજ્ઞાનીને કષાયની મંદતા દેખાય, જાણે રાગ ઘટ્યો છે એમ લાગે, પણ ચૈતન્યના—પૂર્ણ સ્વરૂપના—સમ્યક જ્ઞાન વિના તેને રાગ—કષાય ઘટ્યો નથી, રુંધાયેલો—રોકાયેલો છે; તે અકષાય પરિણામ નથી.

જેમ અગ્નિના નિમિત્તે પાણીમાં કે દૂધમાં ઊભરો આવે, પણ તે ઊભરો પોલો છે; ઊંચું વધ્યું તેમાં ખરેખર કાંઈ વધ્યું નથી; તેમ આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના સાચા ભાન વિનાનો વૈરાગ્ય તે પોલો વૈરાગ્ય છે, રુંધાયેલો–દબાયેલો કષાય છે.

**આયુ–ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ,**<br>
**પ્રાણોથી પણ લક્ષ્મીને, ઇચ્છે ધની અધિકાન. ૧૫. —શ્રી ઈષ્ટોપદેશ**

અરે! મિથ્યાત્વને લઈને પાછો તીવ્ર કષાય થશે. ત્રિકાળી અકષાયસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્યના જ્ઞાન વિના, સમ્યક અનુભવ વિના, રાગની મંદતાનો ભાવ તે રુંધાયેલો રાગ છે, ખરેખર મંદ થયો નથી; કેમ કે જ્યાં સ્વરૂપની જ દૃષ્ટિ નથી, ત્રિકાળી વૈરાગ્યમૂર્તિ સર્વોત્કૃષ્ટ પ્રભુ એવા નિજ આત્માનું જ્યાં સાચું જ્ઞાન નથી, ત્યાં રાગનો અભાવ છે જ નહિ, ત્યાં રાગને રોકે છે—દબાવે છે એટલે પાછો રાગ ફાટશે, શુભ પલટીને પાછો અશુભ થશે. અહા! આકરું કામ છે.

જ્ઞાન ને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ એવું જે નિજ આત્માનું સર્વોત્કૃષ્ટ ચૈતન્યમય પરમાત્મસ્વરૂપ, તેના ભાન વિનાની કષાયની મંદતાને ‘અશુભ ગયો માટે શુભ છે’ એમ કહેવામાં આવતું નથી; કેમ કે ખરેખર તેને જરીયે કષાય ગયો નથી. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન સમ્યક્ થયા પછી શુભ હોય ત્યાં, તેનાથી અશુભ ગયો છે એમ વ્યવહારે કહેવાય. પરંતુ આને તો, ચૈતન્યસ્વરૂપ—જીવનું એકલું વીતરાગી સ્વરૂપ—જ દૃષ્ટિમાં આવ્યું નથી તેથી તેને જે રાગની મંદતા છે, શુભ છે તેમાં અશુભ ગયો છે એમ કહેવામાં આવતું નથી.

અહા! આવી વાતો છે. પ્રભુ આત્મા તો અકષાયસ્વરૂપ છે, વીતરાગ શાંતરસથી ભરેલો, ઉપશમરસનો કંદ છે; તેનું જેને જ્ઞાન નથી—વીતરાગ અકષાયસ્વભાવનું જ્ઞાન નથી—તેની રાગની મંદતાને ‘અશુભ ગયો છે’ એમ કહેવાતું નથી. એણે રાગને રુંધ્યો છે—દબાવ્યો છે. વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે. તેઓ શુભ-ઉપયોગને જ ધર્મ માને છે. અસંયમનું ગાળવું વગેરે શુભભાવ સાધન છે એમ તેઓ કહે છે. બાપુ! અસંયમનું ગાળવું વસ્તુસ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ વિના સાચું હોતું નથી. વસ્તુસ્વરૂપની દૃષ્ટિ ને અનુભવવાળા ક્ષાયિક સમકિતી પણ, સ્વરૂપની સ્થિરતાનો વિશેષ પુરુષાર્થ ન હોય તો, અસંયમમાં રહે છતાં તે મોક્ષમાર્ગમાં છે; પરંતુ જેને અકષાયસ્વરૂપ—શાંત શાંત રસથી ભરેલા—ભગવાન આત્માનું જ્ઞાન નથી, તેના સ્વભાવની મોજૂદગીનું–હયાતીનું જ્ઞાન થઈને સાચી પ્રતીતિ થઈ નથી, તેની કષાયની મંદતાને રુંધાયેલો કષાય—રોકાયેલો કષાય કહેવાય છે; જરીયે કષાય ઘટ્યો છે એમ કહેવામાં આવતું નથી.

(ક્રમશઃ)

❁

દાન–હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,
દેહે કાદવ લેપીને, માને ‘સ્નાન કરેય’. ૧૬. —શ્રી ઈષ્ટોપદેશ



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*શ્રોતા :—બેનશ્રી! જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? કૃપયા યહ વચનામૃતકા મર્મ સમજાઈયે.*

પૂજ્ય બહેનશ્રી :—જાગતા જીવ જાગૃત હી હૈ, ઈસકા નાશ નહીં હુવા હૈ, વો સો નહીં ગયા હૈ. જ્ઞાનસ્વભાવ જાગૃત હી હૈ, વહ કહાં જાય? વહ પરભાવમેં એકત્વ નહીં હોતા, મૂલ વસ્તુ સ્વભાવ કહીં જાતા હી નહીં. અનંતકાલ નિગોદમેં ગયા, એકેન્દ્રિય હો ગયા ઔર જ્ઞાન બહુત કમ હો ગયા, ફિર ભી વહ તો જૈસા કા વૈસા હી હૈ. જાગતા જીવ કહાં જાય? અનંતકાલ ભટકા ઔર જન્મ–મરણ કિયા, તો ભી ખુદ તો ઐસા હી રહતા હૈ. ચાહે જાગતા હો, સોતા હો, સ્વપ્નમેં હો, તો ભી વહ સત્ હૈ ઔર સત્‌કા નાશ નહીં હોતા. જો વિદ્યમાન હૈ, જાગૃત હૈ વહ કહાં જાય? જાગતા જીવ વિદ્યમાન હૈ, વિદ્યમાન વસ્તુ કહાં જાય? જાગતા જીવ સદાકે લિયે જાગતા હી હૈ, જાગૃત હૈ યાનિ કિ ચૈતન્ય સ્વરૂપ હૈ, ઔર વહ જાગૃત હૈ તો કહાં જાય? વિભાવ હોનેસે ઉસકા નાશ નહીં હોતા. અનંતકાલસે શરીરકે સાથ એક ક્ષેત્રમેં રહા હૈ, ફિર ભી ઉસકા નાશ નહીં હોતા.

વિદ્યમાન સદા વિદ્યમાન હી હૈ; જાગૃત સદા જાગૃત હી હૈ, વહ દેવલોકમેં ગયા, નરકમેં ગયા, તો ભી આત્મા તો જૈસા હૈ વૈસા હી રહા હૈ, ઉસકા એક અંશ ભી નષ્ટ નહીં હુઆ હૈ. વહ ભરચક ભરા તત્ત્વ હૈ, ઈસકા કોઈ કર્તા નહીં હૈ, ઉસકી ઉત્પત્તિ ભી નહીં હૈ, ઔર ઉસકા નાશ કરે ઐસા કોઈ તત્ત્વ ભી નહીં હૈ, ઐસા સત્ તત્ત્વ હૈ તો સત્‌કા કૌન નાશ કર સકતા હૈ?

*શ્રોતા :—હું જ્ઞાયક જ છું, એવી ભાવના વિકલ્પરૂપે ભલે સતત ન રહે; પણ તેની પ્રાપ્તિ નથી થતી તેની ખટક તો સતત રહ્યા કરવી જોઈએ ને?*

પૂજ્ય બહેનશ્રી :—જિજ્ઞાસુને વિકલ્પરૂપે ભાવના સતત નથી રહેતી; પણ તેને એની ખટક તો રહ્યા જ કરે છે. જે જે બધા પ્રસંગો બને, વિભાવની કોઈ પરિણતિ થાય ત્યારે તેને ખટક રહ્યા કરે કે આ મારું સ્વરૂપ નથી, હું તો આનાથી જુદો છું. જુદો થઈ શકતો નથી તેની ખટક રહ્યા કરે છે તો એકત્વબુદ્ધિનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું એમ પ્રજ્ઞાછીણીથી બે ભાગ નથી પડ્યા; પણ એકત્વનો રસ મંદ પડી જાય છે. હું તો જુદો છું, જ્ઞાયક છું એવી ખટક તો જિજ્ઞાસુને દરેક ક્ષણે રહ્યા જ કરે છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

*શ્રોતા :—જડ મૂર્તિને ભગવાન કેવી રીતે માની શકાય?*

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના અભાવમાં પ્રતિમાજીમાં તેઓની સ્થાપના કરવામાં આવે છે. સ્થાપના બે પ્રકારે થાય છે—(૧) સદ્ભાવરૂપ સ્થાપના (૨) અસદ્ભાવરૂપ સ્થાપના. જિનેન્દ્રદેવના અનુસાર તેમની મૂર્તિમાં જિનેન્દ્રદેવનું આરોપણ કરવું તે સદ્ભાવરૂપ સ્થાપના છે અને પુષ્પ વગેરેમાં સ્થાપના કરવી તે અસદ્ભાવરૂપ સ્થાપના છે, તેને તદાકાર અને અતદાકાર સ્થાપના પણ કહે છે. જિનદેવની પ્રતિમામાં જિનદેવની જ સ્થાપના થાય છે, તેથી તે પ્રતિમા ઉપર કોઈ શ્રૃંગાર આદિ ચઢાવી શકાતા નથી. વીતરાગની પ્રતિમાને વસ્ત્ર હોઈ શકે જ નહિ, માળા પણ હોઈ શકે નહિ; મુગટ પણ હોઈ શકે નહિ, શસ્ત્ર—આદિ રાગ-દ્વેષના અન્ય ચિહ્ન પણ નથી હોઈ શકતાં.

*શ્રોતા : સાચા દેવને જોયા વિના તેમનો નિશ્ચય કેવી રીતે કરી શકાય?*

પૂજ્ય ગુરુદેવશ્રી : જેમ કોઈ આદમી કોઈ બંધ મકાનમાં વીણા વગાડતો હોય તો જો કે આંખોથી તે જોઈ શકાતો નથી પરંતુ બહારનો માણસ તે માણસની વીણા વગાડવાની કલા, પદ્ધતિ અને સ્વર વગેરેથી તે પુરુષને જોયા વિના જ તેની કલાનો નિર્ણય કરી લે છે; તેવી જ રીતે શરીરરૂપી મકાનમાં વાણીરૂપી વીણા દ્વારા અંદરમાં રહેલા આત્માના સર્વજ્ઞપદનો નિર્ણય થઈ શકે છે.

જ્ઞાનની વૃદ્ધિ અને રાગ-દ્વેષની હીનતાના આધારે પણ સર્વજ્ઞતાનો નિર્ણય થઈ શકે છે. એક આત્મા કરતાં બીજા આત્મામાં અધિક જ્ઞાન હોય છે અને ત્રીજા આત્મામાં તેનાથી વધુ જ્ઞાન હોય છે—તેવી રીતે ઉત્તરોત્તર જ્ઞાનનો વિકાસ થતાં થતાં કોઈ જીવને પરિપૂર્ણ જ્ઞાન પ્રગટ થાય છે અને તે સર્વજ્ઞ છે. તે જ રીતે એક જીવને જેટલો રાગ-દ્વેષ હોય છે, બીજા જીવને તેનાથી પણ થોડો હોય છે તથા ત્રીજાને તેનાથી પણ થોડો હોય છે—તે રીતે ઓછો કરતાં કરતાં અંતે કોઈ જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ પણ થાય છે જે જીવને રાગ-દ્વેષનો સર્વથા અભાવ થાય છે તેને પરિપૂર્ણ જ્ઞાન પ્રગટ થાય છે અને તે સર્વજ્ઞ કહેવાય છે.

આ રીતે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞના સ્વરૂપનો નિશ્ચય કરીને જે તેમને દેવના રૂપમાં પૂજે છે, તેઓની શ્રદ્ધા કરે છે; તે પોતાની ભક્તિથી ભગવાનને પોતાના આંગણામાં પધરાવે છે અર્થાત્ તે પોતે જ સત્ના આંગણામાં પહોંચી જાય છે.



## બાળ વિભાગ

## અંજનચોર

ધન્વંતરી અને વિશ્વલોમ (બંને) સુકૃત કર્મને લીધે અમિતપ્રભ અને વિદ્યુત્પ્રભ (નામના) બે દેવ થયા. તેઓ એક બીજાના ધર્મની પરીક્ષા કરવા માટે અહીં આવ્યા પછી તે બંનેએ યમદગ્નિને તપથી ચલિત કર્યા.

મગધ દેશમાં રાજગૃહ નગરમાં જિનદત્ત શેઠ ઉપવાસ કરી કૃષ્ણચૌદશની રાત્રે સ્મશાનમાં કાયોત્સર્ગમાં સ્થિત જોવામાં આવ્યા ત્યારે અમિતપ્રભદેવે (વિદ્યુતપ્રભદેવને) કહ્યું : "મારા મુનિઓ તો દૂર રહો, (એમની તો શી વાત!) પરંતુ આ ગૃહસ્થને (જિનદત્તને) તમે ધ્યાનથી ચલિત કરો."

પછી વિદ્યુત્પ્રભદેવે અનેક પ્રકારે (તેના ઉપર) ઉપસર્ગો કર્યા છતાં તેને ધ્યાનથી ચલિત કરી શક્યા નહિ; પછી તેણે સવારે માયા સંકેલીને તેની–જિનદત્તની પ્રશંસા કરી અને તેને આકાશગામિની વિદ્યા આપી કહ્યું :

"તને આ (વિદ્યા) સિદ્ધ થઈ ચુકી છે અને અન્યને પંચનમસ્કારની અર્ચના અને આરાધનાની વિધિથી તે સિદ્ધ થશે."

એક દિવસે સોમદત્તપુષ્પના બટુકે જિનદત્ત શેઠને પૂછ્યું : "આપ સવારમાં જ ઊઠીને ક્યાં જાઓ છો?"

શુચિ પદાર્થ જસ સંગથી, મહા અશુચિ થઈ જાય,
વિઘ્નરૂપ તસ કાય હિય, ઇચ્છા વ્યર્થ જણાય. ૧૮.　　—શ્રી ઈષ્ટોપદેશ

તેણે કહ્યું : ''અકૃત્રિમ ચૈત્યાલયોની ભક્તિ કરવા માટે જાઉં છું. મને આવી વિદ્યાની પ્રાપ્તિ થઈ છે.''

શેઠથી એમ કહેવામાં આવતાં, તેણે (–બટુકે) કહ્યું : ''મને પણ આ વિદ્યા આપો જેથી હું તમારી સાથે પુષ્પાદિ લઈને વંદના–ભક્તિ કરું.''

પછી શેઠે તેને ઉપદેશ આપ્યો. (પછી શેઠે તેને વિદ્યા સિદ્ધ કરવાની વિધિ બતાવી.)

તેણે (–બટુકે) કાળીચૌદશની રાત્રે સ્મશાનમાં વડના વૃક્ષની પૂર્વશાખામાં એકસો આઠ પાદવાળું (દોરીવાળું) દર્ભનું શીકું બાંધીને તેની નીચે બધા પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્રો ઊર્ધ્વમૂખે રાખ્યાં, પછી ગંધ–પુષ્પાદિ લઈને, શીકામધ્યે તેણે પ્રવેશ કર્યો. છઠ્ઠા ઉપવાસે પંચ નમસ્કારો ઉચ્ચારીને છરી વડે એક એક પાદને છેદતાં તેણે (નીચે) ચળકતાં હથિયારોના સમૂહને જોઈ ભયભીત થઈ વિચાર્યું :

''જો શેઠનું વચન અસત્ય નીવડે તો મરણ નીપજે.''

એ પ્રમાણે મનમાં વિચારીને–શંકા લાવીને તે વારંવાર ચઢ-ઊતર કરે છે. તે સમય દરમિયાન પ્રજાપાલ રાજાની કનકરાણીનો હાર જોઈને અંજનની સુંદરી વિલાસિનીએ રાત્રે આવેલા અંજનચોરને કહ્યું :

''જો તું મને કનકરાણીનો હાર આપે તો તું મારો ધણી, નહિ તો નહિ.''

પછી જઈને રાત્રે હાર ચોરીને અંજનચોર જ્યારે આવતો હતો, ત્યારે હારના પ્રકાશથી અંગરક્ષકોએ અને કોટવાળોએ તેને ઓળખ્યો અને પકડવા જતાં તે (ચોર) હારને ત્યજીને નાસી ગયો. વડની નીચે બટુકને જોઈને તેની પાસેથી મંત્ર ગ્રહણ કરીને નિઃશંક થઈ તેણે વિધિપૂર્વક એકીવખતે શીકાને છેદી નાખ્યું અને શસ્ત્રો ઉપર પડવા જતાં તે વિદ્યા સિદ્ધ થઈ. સિદ્ધ થયેલી વિદ્યાએ કહ્યું : ''મને આદેશ આપો.''

તેણે (ચોરે) કહ્યું : ''મને જિનદત્ત શેઠની પાસે લઈ જા.''

પછી સુદર્શન મેરુના ચૈત્યાલયમાં જિનદત્ત શેઠની બાજુમાં લઈ જઈને તેને ખડો કરવામાં આવ્યો. પૂર્વવૃત્તાંત કહીને તેણે (ચોરે) કહ્યું : 'જેમ આ વિદ્યા તમારા ઉપદેશથી સિદ્ધ થઈ તેમ પરલોકની સિદ્ધિના વિષયમાં ઉપદેશ આપો.''

પછી ચારણમુનિની સમીપમાં તપ ગ્રહણ કરી કૈલાસ (પર્વત) ઉપર કેવળજ્ઞાન ઉત્પન્ન કરી તે (ચોર) મોક્ષે ગયો.

**છે ચિંતામણિ દિવ્ય જ્યાં, ત્યાં છે ખોળ અસાર,**
**પામે બેઉ ધ્યાનથી, બુધ માને શું સાર? ૨૦.** —શ્રી ઈષ્ટોપદેશ

## અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી જન્મજયંતી તથા ચાર દિવસની આધ્યાત્મિક શિબિરનું ભવ્ય સફળતાપૂર્વક સમાપન

અમેરિકાના પેનસુલવિનીયા રાજ્યના ફોર્ટ વૉશિંગ્ટન શહેરમાં મે મહિનાની તા. ૨૪ થી ૨૭ ૨૦૧૩ સુધી ચાર દિવસની આધ્યાત્મિક શિબિર તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી જન્મજયંતીનો પ્રસંગ સાનંદ સંપન્ન થયો.

સમગ્ર અમેરિકામાંથી સાધર્મી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સાહભેર આ પ્રસંગનો લાભ લીધો હતો. ભારતથી નિમંત્રિત તથા અમેરિકા સ્થિત વિદ્વાનોએ શિબિરનું સંચાલન કર્યું હતું. બાળકો માટે સમાંતર વર્ગોનું આયોજન થયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, પૂજા, સ્વાધ્યાય, જ્ઞાનગોષ્ઠી, વધામણાં, બાળકો તથા બહેનોના સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળકોના ક્વીઝ પ્રોગ્રામ વગેરે ખૂબ પ્રશંસનીય હતા. લેન્સડેલ શહેરમાં વસતા મુમુક્ષુઓને આ શિબિરને સ્પોન્સર કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતી તથા ચાર દિવસની શિબિર ૨૦૧૪માં અમેરિકાના ફ્લોરિડા રાજ્યના ટેમ્પા શહેરમાં ભવ્ય રીતે ઊજવાશે. તે પ્રસંગે સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

વધુ માહિતી માટે સંપર્ક :— હસમુખ મગનલાલ શાહ
પ્રેસીડેન્ટ : જૈન સ્વાધ્યાયમંદિર, સોનગઢ (U.S.A.)
Email : HASMUKH33@YAHOO.COM
SAMIRMRR@YAHOO.COM

---

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના જન્મશતાબ્દી મહોત્સવ અંતર્ગત**

## પ્રથમ ધાર્મિક શિક્ષણ શિબિરનું પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણ નગરમાં આયોજન

પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણ નગરમાં તા. ૨૩-૮-૨૦૧૩ થી તા. ૨૪-૮-૨૦૧૩ સુધી પ્રથમ ધાર્મિક શિક્ષણ શિબિરનું અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું. આ શિક્ષણ શિબિરમાં જિનેન્દ્ર પૂજન(નવદેવતા વિધાન), પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, પૂજ્ય બહેનશ્રીના જન્મધામની પ્રભાતફેરી દ્વારા યાત્રા તથા ધાર્મિક શિક્ષણ વર્ગ અને ભક્તિ વિગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ શિબિર અંતર્ગત વઢવાણના બા.બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહનું તેમના અનેકવિધ ઉપકારોને યાદ કરી વઢવાણના યુવકો તથા સમાજ દ્વારા ચાંદીના પૂઠાથી મઢેલ સમયસાર શાસ્ત્ર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાએ અર્પણ કરી બહુમાન કર્યું હતું.

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માર્ગદર્શન અનુસાર યોજાયેલ આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર-રાજકોટ, શ્રી રમેશભાઈ મહેતા-સોનગઢ તથા શ્રી અતુલભાઈ કામદાર-હૈદરાબાદ વગેરેએ ભક્તિપૂર્ણ તથા ભાવવાહી શૈલીમાં સુંદર અધ્યાપન કર્યું હતું. આ શિબિરની સુંદર વ્યવસ્થા વઢવાણ ભજનમંડળીના યુવકોએ કરેલ હતી જે અત્યંત પ્રશંસનીય હતી. આ શિબિરમાં સોનગઢથી જવા-આવવા માટે બસ વ્યવસ્થાના સૌજન્યનો લાભ શ્રી સતીશભાઈ દોશી-પવઈ(મુંબઈ)ને પ્રાપ્ત થયો હતો.

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સૌજન્યકર્તા મુમુક્ષુઓ દ્વારા

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
# ૧૦૦મો મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સાનંદ સંપન્ન

[ તા. ૧૫-૮-૨૦૧૩, ગુરુવારથી તા. ૨૨-૮-૨૦૧૩ ગુરુવાર ]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સૌજન્યકર્તા મુમુક્ષુઓ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૦મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઊજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું, તથા ઉત્સવના શરૂઆતના અઠવાડિયા પહેલાંથી જ તે ઉપલક્ષ્યમાં સાંજીભક્તિના કાર્યક્રમો દરરોજ શરૂ થઈ ગયા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરીમાં સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણી ગુંજી ઉઠી હતી અને ભક્તોથી આખો મંડપ ભરાઈ ગયો હતો, તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો હતો. ઉત્સવની શરૂઆત ધ્વજારોહણથી સવારે ૭-૩૦વાગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના હસ્તક સંપન્ન થઈ હતી.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતાં હતા.

**શ્રી વર્તમાન ચતુર્વિંશતિ જિન-પૂજા :—**આ પૂજન વિધાન માટે આયોજકો દ્વારા સ્વાધ્યાયમંદિર સામે એક વિશાળ ડોમ મંડપ બનાવવામાં આવ્યો હતો. મંડપની વચ્ચે તેમાં ચોવીસ તીર્થંકરોની પ્રતિકૃતિરૂપે ચોવીસ તીર્થંકરની મૂર્તિઓનું માંડલું તૈયાર કરવામાં આવેલ હતું. મંડળ વિધાનમાં પ્રકાશ આયોજન વ્યવસ્થા એટલી સુંદર ગોઠવી હતી કે બધાં જિનબિંબ જાણે રત્નોનાં હોય તેવી આભા ઉઠતી હતી. આ જોઈ સર્વે મુમુક્ષુજનો તથા અન્ય આગંતુકોને અત્યંત દર્શનીય લાગ્યું હતું તથા વચ્ચે વિધિવિધાન અધ્યક્ષ શાસનનાયક મહાવીર ભગવાનની ચતુર્મુખ દિશામાં ચાર પ્રતિષ્ઠિત પ્રતિમાઓ ભવ્યકમળ વચ્ચે મૂકવામાં આવી હતી. આઠ દિવસ ચાલેલા આ પૂજન વિધાનનો મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહ તેમજ ભક્તિપૂર્વક લાભ લીધો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી પ્રવચનો :—**મહોત્સવના આઠે દિવસ સવારે પરમાગમ શ્રી સમયસાર, સંવર અધિકાર ઉપર તથા રાત્રિના પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયા, જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમજ ઉલ્લાસથી ભરપૂર લાભ લીધો હતો.

**ધાર્મિક શિક્ષણવર્ગો :—**ભક્તિની સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો પણ લાભ મળે તે હેતુથી શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં (૧) શ્રી પ્રવીણભાઈ દોશી, (રાજકોટ), (૨) શ્રી રાજુભાઈ કામદાર, (રાજકોટ) (૩) શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા સમયસાર શાસ્ત્ર ઉપર તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું જેમાં મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બા. બ્ર. શ્રી વજુભાઈ શાહ (વઢવાણ) આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્રવાંચન :—**શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ), શ્રી અતુલભાઈ કામદાર(હૈદરાબાદ), ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ(વાંકાનેર) શ્રી રાજુભાઈ કામદાર(રાજકોટ), શ્રી પ્રમોદભાઈ(ખંડવા), શ્રી નિરંજનભાઈ(સુરત) તથા શ્રી પ્રકાશભાઈ જૈન(મલાડ) દ્વારા ગુરુભક્તિપૂર્ણ તલસ્પર્શી ભાવવાહી પ્રવચનો થયા હતા.

**સાંજી ભક્તિ :—**વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા ઉત્સવના દરેક દિવસે સાંજી ભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાંજીભક્તિ વખતે મંદિરમાં સુંદર, અર્થપૂર્ણ સજાવટ શ્રી પ્રવીણાબેન મહેતા-સિંગાપુર દ્વારા કરવામાં આવી હતી. તથા ઉત્સવના છઠ્ઠે દિવસે બહેનશ્રીના જ્ઞાનવૈભવના આધારે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવાવલીનું સુંદર વર્ણન બ્ર. કોકિલાબેને કર્યું હતું તથા તે વર્ણનસ્વરૂપ ચિત્રો મોટા પડદા પર બતાવવામાં આવ્યા હતા. જેનો દરેક મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો તથા તેની ખૂબ પ્રશંસા કરી હતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમો :—**આ મહોત્સવમાં સુવર્ણપુરીના બહેનો દ્વારા નાટિકાઓ 'આચાર્ય વાદિરાજસૂરિ' (૨) 'આચાર્ય માનતુંગસૂરિ', ખંડવાના મુમુક્ષુમંડળ તરફથી નાટિકા 'દર્શન પ્રતિજ્ઞા', ઘાટકોપર મુમુક્ષુમંડળ તરફથી નાટિકા 'આચાર્ય શુભચંદ્ર', પાર્લા મુમુક્ષુ મંડળ તરફથી આચાર્યોના જીવન ઉપર દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ તેમજ અમદાવાદ, જામનગર, બોરીવલી, હૈદરાબાદ, સોનગઢ વિદ્યાર્થીગૃહના બાળકો વગેરે તરફથી સુંદર ભક્તિગીતો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તા. ૨૧-૮-૧૩ના રોજ મલાડ મુમુક્ષુ મંડળ તરફથી ભવ્ય અદ્‌ભુત 'નિયોન લાઈટ શો' રજૂ કરવામાં આવ્યો હતો જે મુમુક્ષુઓને ઘણો જ પસંદ આવ્યો હતો.

**પુસ્તક વિમોચન :—**ઉત્સવના સાતમા દિવસે શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર તરફથી પ્રકાશિત 'ભગવાન મહાવીરની આચાર્ય પરંપરા' પુસ્તક ગુજરાતી તથા હિન્દીનું વિમોચન કરવામાં આવેલ હતું.

**છઢાળા અધ્યયન વર્ષ ઇનામ વિતરણ :—**છઢાળા અધ્યયનવર્ષના સમાપન નિમિત્તે સૌથી વધુ ભાગ લેનાર મંડળો તથા સૌથી વધુ માર્ક્સ મેળવનારનો સત્કાર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા તથા બા. બ્ર. શ્રી વજુભાઈ સાહેબ હસ્તક કરવામાં આવેલ હતો.

### ❋ ભવ્ય રથયાત્રા ❋

મહોત્સના સાતમા દિવસે શ્રી ધાતકીખંડના ભાવી તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથની સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ વૃદ્ધ-ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતા હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવી ભગવાનનું સ્વાગત કરી આરતી ઉતારતા હતા.

આ રથયાત્રામાં ભગવાનને રથમાં બિરાજમાન કરવાનો લાભ સપાણી પરિવાર તથા સારથી બનવાનો લાભ સપાણી પરિવારને મળેલ હતો, તથા પારણાઝૂલનના ફ્લોટનો લાભ શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવાર હસ્તે દીપકભાઈ-મુંબઈને મળ્યો હતો.

## ✻ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✻

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગળકારી જન્મોત્સવના મુખ્યદિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી વર્તમાન ચતુર્વિંશતી વિધાન પૂજાની પૂર્ણાહૂતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચન બાદ પ્રાસંગિક જાહેરાતો કરવામાં આવી અને પછી મુંબઈના યુવક-યુવતીઓએ દ્વારા એક પ્રાસંગિક ભક્તિનૃત્ય રજૂ કરવામાં આવ્યું ત્યારબાદ પૂજ્યબહેનશ્રી પ્રતિકૃતિરૂપે મંડપમાં પધાર્યા હતા. ત્યારબાદ ભગવતી માતાની જન્મવધાઈનો કાર્યક્રમ શરૂ થયો. પૂજ્ય બહેનશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રી સતીશભાઈ શાંતિલાલ દોશી પરિવાર, પવઈ(મુંબઈ)ને મળ્યો હતો. પછી તો ભક્તોમાં માતાજીને વધાવવા માટે જાણે કે પડાપડી થવા લાગી. ભક્તોનો ઉત્સાહ જાણે કે માતો જ નહોતો. ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુઓ ઉત્સાહથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતા.

આ મહોત્સવનો લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, કલકત્તા, હૈદરાબાદ, બેંગલોર, મદ્રાસ તથા વિદેશોથી ૨૫૦૦ થી અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

આ મંગળ અવસર પર સ્થાયી મંડલ વિધાન પૂજા ૧૨૪ મહાનુભાવો તથા પ્રાસંગિક મંડલવિધાન પૂજા ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રીના જન્મશતાબ્દી મહોત્સવના આઠે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામીવાત્સલ્ય) શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા સૌજન્યકર્તા મુમુક્ષુઓ તથા કાયમી જમણ ૧૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને કુલ ૧૨,૯૧,૯૧૩=૦૦ દાનરાશિ પ્રાપ્ત થઈ હતી.

| | | |
|---|---|---|
| (૧) | ૧૦૦ના અંકમાં ૧૦૦ × ૫૭૩૭ | ૫,૭૩,૭૦૦=૦૦ |
| (૨) | પ્રાસંગિક વિધાન પૂજા ૧૦૦૦ × ૩ | ૩,૦૦૦=૦૦ |
| (૩) | રથયાત્રાની બોલી | ૨,૫૯,૦૧૦=૦૦ |
| (૪) | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૫૮૪ | ૨,૯૨,૦૦૦=૦૦ |
| (૫) | શ્રી જિનેન્દ્ર આરતી | ૬,૩૯૩=૦૦ |
| (૬) | રથયાત્રા તથા પારણાઝૂલન અને જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૫૭,૮૧૦=૦૦ |
| કુલ | | ૧૨,૯૧,૯૧૩=૦૦ |

આ મહોત્સવ દરમ્યાન મુમુક્ષુઓના આવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી તથા ભોજનની સુંદર વ્યવસ્થા બોટાદ મુમુક્ષુ મંડળ દ્વારા શ્રી રાજાભાઈના નેજા હેઠળ કરવામાં આવી હતી જે બધાએ ખૂબ જ વખાણેલ હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

બોરીવલી(મુંબઈ)નિવાસી શ્રી વિપુલભાઈ બિપિનભાઈ મનસુખભાઈ ઝોબાલિયા (વર્ષ-૪૯) તા. ૩૦-૧-૧૩ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

રાણપુરનિવાસી (હાલ-અમદાવાદ) શારદાબેન નંદલાલ શાહ (વર્ષ-૮૫) તા. ૩-૬-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-ઘાટકોપર) અંજવાળીબેન વૃજલાલ ફૂલચંદ ધોળકીયા (વર્ષ-૯૮) તા. ૬-૭-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-ગોરેગાંવ-મુંબઈ) ચંદનબેન હરિલાલ મોહનલાલ ટોળિયા (વર્ષ-૮૬) તા. ૧૩-૭-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ-દાદર-મુંબઈ) શ્રી અનિલભાઈ મલુકચંદ કામદાર(વર્ષ-૮૦) તા. ૧૧-૮-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ દસેક વર્ષ સુધી દાદર મુમુક્ષુ મંડળના સેક્રેટરી તરીકે સેવા આપી હતી. તેઓ ૫૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વનો લાભ લેતા હતા. તેમજ અનેક મંડળોના મંદિરોમાં ભક્તિભાવથી ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો, ધર્મપ્રભાવનાના કાર્યમાં ઘણા ઉત્સાહિત હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૪)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૬૧) દ્રવ્ય તેને કહેવાયકે જેના કાર્ય માટે ......................... રાહ જોવી ન પડે.

(૬૨) જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ .................. છે.

(૬૩) અવગાહન હેતુત્વ ..................... દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૬૪) પૂજ્ય ગુરુદેવશ્રીએ .............................. શાસ્ત્રનો સાતમો અધિકાર પોતાની હાથે પેન્સિલથી લખી લીધો હતો.

(૬૫) શિવપિંડી સામે કરેલ સમંતભદ્ર સ્વામીની ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિને ........................... કહે છે.

(૬૬) વિપરીત માન્યતાનું ફળ ................ છે. અવિપરીત માન્યતાનું ફળ............. છે.

(૬૭) ................ આંકડો અફર છે.

(૬૮) ચક્રવર્તીને ............... કવળનો આહાર હોય છે.

(૬૯) જે ગુણને લીધે આત્મામાં સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા ન હોય તે ગુણને .................. કહે છે.

(૭૦) સમ્યક્‌દર્શન થતા................. અંગ પ્રગટ થાય છે.

(૭૧) બધા તાળાની ચાવી એક છે, ..............................

(૭૨) કર્મનો ઉદય આવે ત્યારે વિકાર કરવો જ પડે એવો................. નથી.

(૭૩) મહાવીર ભગવાનને .................. નદીના કિનારે કેવળજ્ઞાન થયું.

(૭૪) શ્રી સમયસારજીની સ્તુતિ પં. શ્રી ............................... બનાવેલ છે.

(૭૫) પૂજ્ય ગુરુદેવશ્રીએ આ નવો પંથ નથી કાઢ્યો પણ આ .................. નો માર્ગ છે.

(૭૬) બહારની એક ચીજ છોડતા તને દુઃખ થાય છે, તો બહારના બધાય (૧)............. (૨) ............... (૩)............ (૪)...............એક સાથે છૂટતાં તને કેટલું દુઃખ થાશે?

(૭૭) જેને બાહ્ય પદાર્થની વિશેષતા ભાસે છે તેને ............ અતિશયતા ભાસતી નથી.

(૭૮) આત્માનો સ્વભાવ ........................ છે.

(૭૯) પર્યાય મૂઢઃ.............

(૮૦) પુણ્ય અને પાપ બન્ને ............ અને ................ની બેડી છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ-૨૦૧૩ના ઉત્તર

(૪૧) ભેત્તારં કર્મભૂભૃતામ્
(૪૨) છઠ્ઠા અને સાતમા
(૪૩) તૈજસ અને કાર્માણ
(૪૪) ચૌદ અને દસ,
(૪૫) પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના,
(૪૬) અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ,
(૪૭) અરૂપી,
(૪૮) શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ,
(૪૯) આપ્ત,
(૫૦) તત્ત્વાર્થસૂત્ર—મોક્ષશાસ્ત્ર,
(૫૧) દૌલતરામજી,
(૫૨) સમયસારજી,
(૫૩) વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરુ સંતને,
(૫૪) ત્રણ,
(૫૫) મુમુક્ષુને પાતી અમૃતરસ,
અંજલી ભરી ભરી
(૫૬) તારો ઉપયોગ પલટાવી નાખ,
(૫૭) ઘટ ઘટ અંતર જૈન,
મત મદિરાકે પાનસો
(૫૮) હેય
(૫૯) અગિયારમું
(૬૦) મનઃપર્યય

## (૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૬૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની તપોભૂમિને ...................... કહેવાય છે.

(૬૨) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો છેલ્લો મંત્ર ........................ હતો.

(૬૩) પૂજ્ય ગુરુદેવશ્રીવિદેહક્ષેત્રમાં .......................... નામના રાજપુત્ર હતા.

(૬૪) પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ .................... શાસ્ત્ર ઉપર ૧૯વાર પ્રવચન કર્યા હતા.

(૬૫) પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તોને શાસ્ત્રમાં લાલ અક્ષરથી.......................... લખી આપતા હતાં.

(૬૬) સુપાર્શ્વનાથ ભગવાનના માતાનું નામ................. પિતાનું નામ............... હતું.

(૬૭) હરણ .................... ભગવાનનું ચિહ્‌ન છે.

(૬૮) આદીનાથ ભગવાનને વરસીતપનું પારણું....................... રાજાએ કરાવ્યું હતું.

(૬૯) ................ દેવીના મૃત્યુથી ઋષભદેવ ભગવાનને વૈરાગ્ય થયો.

(૭૦) નેમિનાથ ભગવાન ................... પર્વતથી મોક્ષ ગયા છે.

(૭૧) મહાવીર ભગવાનના સમવસરણમાં .................. ગણધર આવ્યા બાદ જ વાણી ખરી હતી.

(૭૨) દેશભૂષણ-કુલભૂષણ આદિ મુનિ ................. થી મોક્ષ ગયા છે.

(૭૩) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના માતાનું નામ .................... હતું.

(૭૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં .............................. આચાર્ય ઉપકારી ગુરુ હતા.

(૭૫) ભક્તામર સ્તોત્ર ....................... આચાર્યે લખેલ છે.

(૭૬) અક્ષય તૃતીયાના દિવસે .................. મુનિને સર્વપ્રથમ આહાર થયો હતો.

(૭૭) પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ પરિવર્તન ................. ગામે કર્યું હતું.

(૭૮) ચંદ્રનાથ ભગવાનું ચિહ્‌ન ........... છે.

(૭૯) દ્રવ્યલિંગી જીવ ........................... ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

(૮૦) ભગવાન ............................. દોષથી રહિત હોય છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ-૨૦૧૩ના ઉત્તર

૪૧. દેવ,
૪૨—સોનગઢ,
૪૩—હનુમાન,
૪૪—દર્શન, જ્ઞાન, ચારિત્ર,
૪૫—જેઠાલાલભાઈ,
૪૬—પાંચ,
૪૭—મહાવીર,
૪૮—અતિવીર, વર્ધમાન
૪૯—વાંકાનેર,
૫૦—ગુણાવા,
૫૧—ઉજમબા,
૫૨—ત્રસ,
૫૩—૧૮, વાંકાનેર,
૫૪—શત્રુંજય,
૫૫—ધાતકી,
૫૬—અસંખ્ય અબજો,
૫૭—કુંદકુંદાચાર્ય,
૫૮—પાર્શ્વનાથ,
૫૯—અભિનંદન,
૬૦—ત્રૈલોક્યમંડન,

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ શ્રોતા : (સ્વભાવ અને વિભાવ) બન્ને જુદા જ છે તો જુદા પાડવાના સાધનની વાત ક્યાં રહી?

પૂજ્ય ગુરુદેવશ્રી : જુદા હોવા છતાં જુદા માન્યા છે ક્યાં? તેથી જુદા પાડવાનું સાધન શું છે તે અહીં સમજાવાય છે. જ્ઞાનની વર્તમાનદશાને વિકાર સાથે એકતા હતી તે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે ભગવતી પ્રજ્ઞા છે અને તે ભગવતી પ્રજ્ઞા સાધન છે. વસ્તુ સાધન નથી પણ તેની પ્રજ્ઞા દશા તે સાધન છે. કર્તા, કરણ ગુણ છે પણ તેની નિર્મળ પર્યાય તે સાધન છે. ૨૧.

✻ જાણનપર્યાય અને જાણનગુણ એવા લક્ષણવડે આત્માને જાણી શકાય એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણનપર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણનગુણ છે ત્યાં ત્યાં અનંતગુણ છે અને તે આત્મા છે એમ નિશ્ચય કરવો જોઈએ. ૨૨.

✻ ભાઈ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા. અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી, પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી, એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો. તેનો દૃષ્ટિમાં સ્વીકાર કર. પાંચ ઈન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાંતિને દઝાડે છે. ૨૩.

✻ ભાઈ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મપણે બિરાજમાન છે. ૨૪.

✻ નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર અને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય. પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ કે જિનવરસમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ૨૫.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૩
અંક-૧ * વર્ષ-૮

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## જ્ઞાયક આત્મા

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહીં પણ અડે પણ નહીં. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદસ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્યધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ચાર ભવ જ હોય, વધુ હોય નહીં—એમ શાસ્ત્રોમાં આવે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

દોષ ન ગહિયો કોઈ, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે–અજાણ્યે જે કાંઈ અપરાધ થયો હોય તે સર્વની આત્મધર્મ–પરિવાર ક્ષમા માગે છે.

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org